RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 179, Dt.12-10-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# હિંદુઓ સંગઠિત બને, દુર્બળ રહેવુ એ અપરાધ : મોહન ભાગવત

## દશેરા નિમિત્તે સંઘના વડા મોહન ભાગવતે શસ્ત્રપૂજા કરી અને કરોડો સ્વયંસેવકોને કર્યુ સંબોધન : વિદેશી પરિબળો ભારતને આગળ વધતા અટકાવે છે

**મુખ્ય સમાચાર,નાગપુર**

મહારાષ્ટ્રના નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS))ના મુખ્યાલયમાં વિજયાદશમીનો કાર્યક્રમ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. આ ખાસ પ્રસંગે સ્વયંસેવકોએ શોભાયાત્રાનું આયોજન કર્યુ હતું. સંઘના વડા મોહન ભાગવતે પોતે શષા પૂજન કર્યુ હતું. વિજય દશમીના અવસર પર સંઘ પ્રમુખ મોહન ભાગવતે આજે સ્વયંસેવકોને સંબોધિત કર્યા છે. પોતાના સંબોધનમાં ભાગવતે સમગ્ર વિશ્વના હિંદુઓને એક થવાની અપીલ કરી છે. બાંગ્લાદેશમાં હિંદુઓની સ્થિતિ અને ભારત વિરુદ્ધ ફેલાવવામાં આવી રહેલ કથા વિશે જણાવતા તેમણે કહ્યું કે, 'આજના સમયમાં નબળા અને અસંગઠિત હોવું એ ગુનો છે, તેથી પોતાને બચાવવા માટે સંગઠિત રહેવું જરૂરી છે.' નાગપુરના રેશિમબાગ મેદાનમાં સવારે ૭.૪૦ કલાકે કાર્યક્રમ શરૂ થયો હતો. વાર્ષિક સંબોધન દરમિયાન સંઘ પ્રમુખ દેશના અનેક મુદ્દાઓ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરશે. વિજયાદશમીના શુભ અવસર પર દેશના કરોડો સ્વયંસેવકોએ શષાપૂજા કરી હતીઈસરોના ભૂતપૂર્વ વડા રાધાકળષ્ણન આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી રહ્યા છે. આરએસએસની સ્થાપના ૧૯૨૫માં ડો. કેશવ બલિરામ હેડગેવાર દ્વારા દશેરાના દિવસે કરવામાં આવી હતી. દર વર્ષે સંઘના સ્વયંસેવકો વિજયાદશમીના તહેવારને ખૂબ જ ધામધૂમથી અને ઉત્સાહ સાથે, ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે ઉજવે છે.

સંઘનો આ સૌથી મહત્વપૂર્ણ કાર્યક્રમ છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે વિજયાદશમીના અવસર પર પોતાના સંબોધનમાં ઘણા સમકાલીન મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. પોતાના ભાષણમાં ઈઝરાયલ-હમાસ યુદ્ધનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આ યુદ્ધે સમગ્ર વિશ્વમાં ચિંતા વધારી છે અને આ આગ કોને ભડકાશે તે કહેવું મુશ્કેલ છે. ભાગવતે આ સંઘર્ષને વૈશ્વિક સ્તરે અસ્થિરતાનું પ્રતિક ગણાવ્યું હતું.



## આજે દશેરા: રાવણ સાથે જોડાયેલી દંતકથાઓ અને સત્ય:બહેનનો બદલો લેવા માટે નહીં, માતા સીતાની સુંદરતાથી આકર્ષિત થઈને હરણ કર્યું હતું



૧૨ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ મનાવવામાં આવેલ દશેરા, અનિષ્ટ પર સારાની જીતનું પ્રતીક છે. તે રાવણના પૂતળા દહન, રામલીલા પ્રદર્શન અને સિંદૂર ખેલા જેવી ધાર્મિક વિધિઓ સાથે ઉજવવામાં આવે છે. રાવણ પર ભગવાન રામનો વિજય અને મહિષાસુર પર દેવી દુર્ગાની જીતની યાદગીરી કરવામાં આવે છે. દશેરા નવરાત્રિના અંત અને દિવાળીના તહેવારોની શરૂઆતનો પણ સંકેત આપે છે. દશેરા, જેને વિજયાદશમી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૧૨ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ ઉજવવામાં આવશે. આ તહેવાર અનિષ્ટ પર સારાની જીતને ચિહ્નિત કરે છે અને માતા સીતાનું અપહરણ કરનાર રાક્ષસ રાજા રાવણની હારની યાદમાં કરે છે. આ દિવસે, કુંભકરણ અને મેઘનાદની સાથે રાવણના પૂતળાઓને સમગ્ર ભારતમાં બાળવામાં આવશે, જે રાવણ અને તેના દળો પર ભગવાન રામના વિજયનું પ્રતીક છે. એક નોંધપાત્ર વાર્તા માતા સીતાને બચાવવા માટે ભગવાન રામના રાવણ સામેના યુદ્ધ વિશે છે. દંતકથા અનુસાર, જંગલમાં તેના ૧૪ વર્ષના વનવાસ દરમિયાન, રાવણે માતા સીતાનું અપહરણ કર્યું હતું, તેણીને સાધુના વેશમાં લલચાવીને તેમની ઝૂંપડીમાંથી બહાર કાઢી હતી. ભગવાન રામ, તેમના ભાઈ લક્ષ્મણ અને હનુમાનની આગેવાની હેઠળની વાનર સેનાની મદદથી, રાવણની સેના સામે લડ્યા. ભયંકર યુદ્ધ પછી, ભગવાન રામ ૧૦મા દિવસે વિજયી થયા, જેને દશેરા તરીકે ઉજવવામાં આવે છે. સંધ્યા..

## રાજય સરકાર સરકારી કચેરીઓનાં કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજીયાતનો નિયમ અમલમાં મૂકે તેવી સંભાવના

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**



ગુજરાત હાઈકોર્ટે રાજયમા દ્વિચક્રી વાહન ધારકોને સલામતી માટે હેલ્મેટ ફરજીયાતનાં નિયમોનો અમલ કરવા રાજય સરકાર પર દબાણ વધાર્યુ છે. હાઈકોર્ટ ઈચ્છે છે કે લોકો ખાસ કરીને કોઈ અન્ય સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ભારે ટ્રાફીક સહીતના ક્ષેત્રમાં દ્વિચક્રી વાહન ચાલકો હેલ્મેટ પહેરે તો અકસ્માત સમયે તેઓનાં જીવન બચી શકે છે.

ગંભીર ઈજા પણ અટકે છે તેથી જ હવે આ માટે હાઈકોર્ટમાં કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજીયાત કર્યા છે. તો રાજય સરકાર હવે તેની તમામ કચેરીઓનાં કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજીયાતનો નિયમ અમલમાં મુકી શકે છે. સરકારની તમામ કચેરીઓ સરકારી નિગમો અને સરકારી શાળાઓ-ગ્રાન્ટેડ શાળાઓને પણ તેમાં આવરી લેવાશે. હાઈકોર્ટ જે દ્વિચક્રી વાહન ચાલકે હેલ્મેટ ન પહેર્યા હોય તે આપોઆપ માર્ગ પરનાં સીસીટીવીમાં ઝડપાય જાય અને તેની ઈ-ચાલાન મળે તે જોવા પર સરકારને જણાવ્યું છે. ગુજરાત હાઈકોર્ટે હેલ્મેટ મુદ્દે સરકારને અનેક વખત નિયમનો અમલ કરવા તાકીદ કરી છે. અને ટકોર પણ કરી છે કે ગંભીરતા સમજયા પછી પણ કોઈ હેલ્મેટ પહેરવા માગતુ નથી અને સરકાર પણ તેમાં ગંભીર નથી.

## ખાતેદાર નહિં હોય તે પણ 'ખેતી' માટે કૃષિ જમીન ખરીદી શકશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાતને ઔદ્યોગીકની સાતે કૃષિ સમૃદ્ધ રાજય બનાવવા માટે રાજય સરકાર એક મહત્વનો નિર્ણય કરવા જઈ રહી છે. એક સમયે પાણીની મુશ્કેલી અનુભવતા ગુજરાતના મોટાભાગનાં વિસ્તારોમાં નર્મદા સરદાર સરોવર ડેમનું પાણી પીવા અને સિંચાઈ માટે પહોંચી રહ્યું છે તે રાજયમાં વરસાદની માત્રા પણ વધતી જાય છે.

તેથી ભૂગર્ભ જળનાં સ્તર પણ ઉંચા આવી રહ્યા છે. તેનો લાભ કૃષિ ક્ષેત્રોનો વધે તે માટે સરકાર હવે ખેતી-બાગાયત કરવી છે અને તેઓ ખાતેદાર-ખેડૂત નથી તેની ખેતીની જમીન ખરીદી શકતા નથી તેઓને હવે ફકત ખેતી બાગાયતનાં હેતુ માટે જ ખેતીની જમીન ખરીદવા છુટ અપાશે.

રાજયમાં ખાતેદાર-ખેડૂત-બનવા માટેની પ્રક્રિયા ખુબ જ જટીલ છે અને જેઓના પરીવાર મૂળભૂત રીતે ખેડુત હશે તેના પરીવારને જ આ લાભ મળે છે જયારે સમાંતર રીતે બોગસ ખાતેદાર ખેડુત બનવાનું રેકેટ પણ ચાલે છે જે બદલે કૃષિ જેવા મોટા રોકાણ આધુનિક કૃષિની જરૂર છે તેઓને ફક્ત ખેતીનાં બાગાયત એટલે કે વ્યાપારી હેતુથી ફળ-ફુલો ઉગાવવા માટે ખેતીની જમીન ખરીદવાની છુટ અપાશે.

દેશનાં જ રાજય હરીયાણામાં આ પ્રકારની છુટ છે. દેશમાં કૃષિ મોંઘી બની છે અને ખાતેદાર-ખેડૂત જ કૃષિ જમીન ખરીદી શકતા કે



ધરાવી શકતા હતા તેથી રોકાણ મર્યાદિત થાય છે પણ જો કૃષિમાં નવુ રોકાણ અને આધુનિક ઉપરાંત વૈવિધ્યસભર ખેતી કરવી હોય તો તેઓ વ્યાપારી અભિગમ જરૂરી છે. ગુજરાતમાં ઓર્ગેનીક ખેતીને પ્રોત્સાહન અપાય છે અને તેથી આ હેતુ માટે પણ નવા ખેડુતો માટે આ નિર્ણય કરાઈ રહ્યો છે.

આ ઉપરાંત હાલ જેની પાસે ખેતીની જમીનો છે તેઓ ખાનગી બીન ખાતેદાર સાથે કરાર કરીને તેની સાથે ખેતી કરે છે તેને ભંડોળ આપે તેવી જોગવાઈ કરી શકાય છે. પણ આ જમીનનો ફકત કૃષિ-બાગાયત માટે જ કરી શકાશે અન્ય કોઈ વ્યાપારી ઉપયોગ કરી શકાશે નહિં રાજયમાં કોમર્શીયલ હેતુથી બિનખેતી કરાવવા માટેનો પ્રવાહ વધી રહ્યો છે તેની ભવિષ્યમાં ખેતીની જમીનની અછત થઈ શકે છે.

ગુજરાતમાં લેન્ડ રીફાર્મ માટે સીએલસીનાં કમીટીનો રીપોર્ટ સરકારને સુપ્રત થયો છે તેમાં પણ આ ભલામણ હોવાની શકયતા છે. સરકારે હાલમાં જ ૬ એપ્રિલ ૧૯૯૫ બાદના રેવન્યુ રેકર્ડ એ ખેડુતનાં સ્ટેટસ માટે ચકાસણી પાત્ર બનશે. ખાસ કરીને કૃષિની જમીનમાં લેવડ દેવડમાં પણ નિર્ણય મહત્વનો છે અને જુના રેકોર્ડમાં જવાની જરૂર રહેશે નહિં.

## તમિલનાડુમા બાગમતી એક્સપ્રેસ માલગાડી સાથે અથડાઈ : ૧૯ ઘાયલ

### એક ભયાનક રેલ દુર્ઘટનામાં મૈસૂરથી દરભંગા જઈ રહેલી બાગમતી સુપરફાસ્ટ એક્સપ્રેસ ઉભી રહેલી ટ્રેન સાથે અથડાઈ પડી

**મુખ્ય સમાચાર,ચેન્નાઈ**

તમિલનાડુના તિરુવલ્લુરથી એક મોટી રેલ દુર્ઘટનાના સમાચાર છે, જ્યાં મૈસૂરથી દરભંગા જઈ રહેલી બાગમતી સુપરફાસ્ટ એક્સપ્રેસ ઉભી રહેલી ટ્રેન સાથે અથડાઈ હતી. અકસ્માતને કારણે ટ્રેનના ૧૨ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ અકસ્માતમાં ૧૯ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

તિરુવલ્લુર પોલીસે એજન્સીને જણાવ્યું કે મૈસૂરથી પેરામ્બુર થઈને દરભંગા જતી પેસેન્જર ટ્રેન તિરુવલ્લુર નજીક કાવરપ્પેટાઈ રેલવે સ્ટેશન પર ઉભેલી માલગાડી સાથે અથડાઈ હતી. રેલ્વે અધિકારીઓ અકસ્માત સ્થળે પહોંચી ગયા છે.

તમિલનાડુના નાયબ મુખ્ય પ્રધાન ઉધયનિધિ સ્ટાલિને ટ્રેન અકસ્માતમાં ઘાયલ થયેલા મુસાફરોને મળ્યા જેમની ચેન્નાઈની સરકારી માલિકીની સ્ટેનલી મેડિકલ કોલેજ હોસ્પિટલના અકસ્માત અને ઈમરજન્સી વિભાગમાં સારવાર ચાલી રહી છે. તે જ સમયે, રેલવે બોર્ડના માહિતી અને પ્રચાર (ઊઉ/ ઈંડ)ના કાર્યકારી નિર્દેશક દિલીપ કુમારે કહ્યું કે અમને ટ્રેન દુર્ઘટના વિશે માહિતી મળી છે. જે બાદ રાહત કાર્ય ઝડપથી શરૂ કરવામાં આવ્યું હતું. આખી ટ્રેનમાંથી તમામ મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા છે. કોઈ મુસાફરોના જાનહાનિના અહેવાલ નથી. કોઈ મુસાફરને ગંભીર ઈજા થઈ નથી. રેલવે દ્વારા તમામ મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને લઈ જવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

રેલવે બોર્ડના માહિતી અને પ્રચારના કાર્યકારી નિર્દેશક દિલીપ કુમાર કહે છે, ૧૨૫૭૮ બાગમતી એક્સપ્રેસના અકસ્માત અંગે માહિતી પ્રાપ્ત થઈ છે. અત્યાર સુધી રેલ્વેની રાહત અને બચાવ ટીમ અકસ્માત સ્થળે પહોંચી ગઈ છે અને તમામ કોચમાંથી મુસાફરોને બહાર કાઢવાનું કામ ચાલી રહ્યું છે. ૯૦% થી વધુ મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા છે.

અધિકારીએ કહ્યું, નઅમને હજુ સુધી કોઈ જાનહાનિ અથવા ગંભીર ઈજાઓ વિશે કોઈ માહિતી મળી નથી.થ રાહત ટીમ અને મેડિકલ ટીમ બંને અકસ્માત સ્થળે હાજર છે. જીએમ સદન રેલ્વે અને ડીઆરએમ



સદન ચેન્નાઈ ડિવિઝન દુર્ઘટના સ્થળ તરફ રવાના થઈ ગયા છે. બાકીના મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાને લઈ જવા માટે ચેન્નઈ સ્ટેશનથી રેલવે દ્વારા જરૂરી વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

સમાચારએ રેલવે પોલીસને ટાંકીને જણાવ્યું હતું કે એક્સપ્રેસ ટ્રેને તમિલનાડુના કાવરપેટટાઈમાં ઉભી રહેલી ટ્રેનને ટક્કર મારી હતી. પોલીસે અકસ્માતમાં અનેક લોકો ઘાયલ થવાની આશંકા પણ વ્યક્ત કરી છે. પોલીસે એજન્સીને જણાવ્યું કે બચાવ ટીમ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. ઘટનાને લગતી વધુ માહિતીની હાલ રાહ જોવાઈ રહી છે.

## વેપાર ઉદ્યોગમાં ધમધમાટ વચ્ચે અર્થતંત્રની ગતિ પુરપાટ દોડી

- **આવકવેરા કલેકશન રૂા.૧૧.૨૫ લાખ કરોડને આંબ્યું**

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**




વેપાર ઉદ્યોગમાં ધમધમાટ વચ્ચે અર્થતંત્રની ગતિ પુરપાટ છે. પરીણામે સરકારની તિજોરી પણ છલકાતી જાય છે. ધો.૧૧ મી ઓકટોબરની સ્થિતિએ ચાલૂ નાણાંકીય વાર્ષિક ધોરણે ૧૮.૩૫ ટકાની વૃધ્ધિ સાથે ૧૧.૨૫ લાખ કરોડે પહોંચ્યુ છે. આ રકમમાં ૪.૯૪ લાખ કરોડ કોર્પોરેટ ટેકસ તથા ૫.૯૮ લાખ કરોડ વ્યકિતગત ઈન્કમટેકસ સામેલ છે.

કેન્દ્ર સરકારનાં સતાવાર આંકડાકીય રીપોર્ટ પ્રમાણે સીધા કરવેરાની ગ્રોસ વસુલાત ૨૨.૩૦ ટકાના વધારા સાથે ૧૩.૫૭ લાખ કરોડ હતી તેમાં ૬.૧૧ લાખ કરોડ કોર્પોરેટ ટેકસ તથા ૭.૧૩ લાખ કરોડનો પર્સનલ ઈન્કમટેકસ હતો.

આ સમયગાળામાં ૨.૩૧ લાખ કરોડના રીફંડ ચુકવાયા હતા તેમાં ૪૬ ટકાનો વધારો થયો હતો.કોર્પોરેટ ટેકસમાં રીફંડ ૧.૧૬ લાખ કરોડ તથા પર્સનલ ઈન્કમટેકસમાં રીફંડ ૧.૧૪ લાખ કરોડ હતું. ૨૦૨૩-૨૪ માં ગત નાણાંકીય વર્ષનાં ૧૧ ઓકટોબરનાં ગાળા સુધીમાં નેટ કલેકશન ૯.૫૧ લાખ કરોડ તથા ગ્રોસ કલેકશન ૧૧.૦૯ લાખ કરોડ હતું.

## હરિયાણાના કેથલમાં ગમખ્વાર અકસ્માત, નહેરમાં કાર ખાબકતાં ૭ લોકોનાં કમકમાટીભર્યા મોત

**મુખ્ય સમાચાર,હરિયાણા**

હરિયાણાથી એક દુઃખદ સમાચાર સામે આવી રહ્યા છે. અહીં એક કાર નહેરમાં ખાબકતાં ૭ લોકોનાં કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. કેથલ જિલ્લામાં દશેરાના દિવસે આ ગોઝારો અકસ્માત સર્જાયો હતો. નહેરમાં કાર ખાબકવાને લીધે કારમાં હાજર મહિલાઓ અને બાળકો મૃત્યુ થયા હતા.

માહિતી અનુસાર જેવી જ લોકોને અકસ્માતની જાણ થઈ કે સ્થાનિકો તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. જોકે અત્યાર સુધી કારમાં હાજર તમામ લોકો જીવ ગુમાવી ચૂક્યાના અહેવાલ છે. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ગાડીના નંબરની જાણ થઈ કે મૃતકો ઝઝ્ઝરના રહેવાશી છે. ઘટનાસ્થળે હાજર લોકોના જણાવ્યાનુસાર, કાર ચાલકની સ્પીડ વધુ હતી અને જેના લીધે ડ્રાઈવરે કાર પર કાબુ ગુમાવી દીધો હતો અને કાર નહેરમાં ખાબકી હતી. લોકોએ દોરડા અને અન્ય સાધનો વડે બચાવ કામગીરી શરૂ કરી હતી. કાર નહેરમાંથી બહાર આવી ત્યારે તેમાં સાત લોકોના મૃત્યુ થયા હતા. કારમાં એક જ પરિવારના ૭ લોકો સામેલ હોવાની ચર્ચા છે. મૃતકોમાં અત્યાર સુધી ૩ બાળક, ત્રણ મહિલા અને એક ડ્રાઈવર સામેલ છે.



કેથલના ડીએસપી લલિત કુમારે જણાવ્યું કે, પપીડિત પરિવારના લોકો મેળામાં જવા નીકળ્યા હતા. ત્યારે કાર મુંદરી નજીક નહેરમાં ખાબકી ગઈ હતી. મૃતકોની ઓળખ કાજલ, ફીઝા, રિયા, વંદના, પરમજીત, તિજો અને ચમેલી તરીકે થઈ હતી. આ તમામ લોકો ડીંગ ગામના રહેવાશી હોવાની જાણકારી છે.

## ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીઝને નવરાત્રિ ફળી : ગુજરાતમાં 3000 કરોડના વાહનો વેચાયા

- **૯૦૦ કરોડના ટુ વ્હીલર અને ૨૧૦૦ કરોડની કારનું વેચાણ થયું : બેઝિક ગાડી સામે લક્ઝુરીયસ કારનું વેચાણ વધ્યું**

**મુખ્ય સમાચાર,મુંબઈ**

મહારાષ્ટ્રમાં હવે ગમે તે સમયે વિધાનસભા ચૂંટણીની જાહેરાત થનાર છે તે પૂર્વે રાજશ્રાદ્ધમાં બજારોમાં રહેલી ભારે મંદી બાદ નવરાત્રિની શરૂઆતથી જ બજારમાં તેજી આવી ગઈ છે. તમામ ક્ષેત્રે ખરીદી થઈ રહી છે. નવરાત્રિ ઓટોમોબાઈલ સેક્ટરને ફળી છે. કેમ કે નવરાત્રિ દરમિયાન ગુજરાતભરમાં કુલ ૩ હજાર કરોડના વાહનો વેચાયા છે. જેમાં ૯૦૦ કરોડના ટુ વ્હીલર અને ૨૧૦૦ કરોડની કારનું વેચાણ થયું છે.

પહેલી નવરાત્રિથી જ શહેરના તમામ ઓટોમોબાઈલ ડિલરોને ત્યાં ગ્રાહકોની લાઈનો લાગી હતી. વાહનોની મોટાપાયે ખરીદી થઈ રહી છે. તેથી ઓટોમોબાઈલ સેક્ટરમાં આનંદ જોવા મળી રહ્યો છે. ઘણી કાર માટે તો છ મહિનાથી લઈને આઠ મહિનાનું વેઈટિંગ પણ ચાલી રહ્યું હોવા છતાં લોકો બુકીંગ કરાવી રહ્યા છે. આખા વર્ષમાં નવરાત્રિ દરમિયાન સૌથી વધુ વાહનોના બુકિંગ થતા હોય છે. નવરાત્રિ દરમિયાન ગુજરાતમાં થયેલા બુકિંગ અંગે માહિતી આપતાં ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડિલર્સ એસોસિયેશન (ફાડા)ના ગુજરાતના ચેરપર્સન પ્રણવ શાહે જણાવ્યું હતું કે ગુજરાતમાં નવરાત્રિ (દશેરાએ ડિલવરી સહિત)માં ટુ વ્હીલરના ૮૫થી



૯૦ હજાર ટુ વ્હીલરનું વેચાણ થયું. જેમાં માત્ર અમદાવાદમાં જ ૧૨થી ૧૩ હજાર ટુ વ્હિલર વેચાયા છે. જ્યારે સમગ્ર ગુજરાતમાં ૨૦થી ૨૧ હજાર કારના વેચાણ થયા છે. માત્ર અમદાવાદમાં જ ૪૫૦૦-૫૦૦૦થી કારના વેચાણ થયા છે. જેમાં બેઝિક કારથી લઈને હાઈએન્ડ કારનો સમાવેશ થાય છે. આમ ૧૦ દિવસ દરમિયાન ૯૦૦ કરોડના ટુ વ્હીલર અને ૨૧૦૦ કરોડની કારના વેચાણ થયા છે. જે ગત વર્ષની સરખામણીમાં ઘણું સારુ બુકિંગ છે. આંકડાકીય માહિતી મુજબ ગત વર્ષ કરતાં ટુ વ્હીલરના વેચાણમાં ૮થી ૧૦ ટકાનો વધારો છે. કારના વેચાણમાં ૬થી ૮ ટકાના વધારો જોવા મળી રહયો છે. છેલ્લા બે ત્રણ વર્ષમાં યુવાનોમાં મોંઘી બાઈક ખરીદવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. જેને પગલે એક કાર કરતાં પણ મોંઘી બાઈક લઈને યુવાનો શહેરમાં ફરતા નજરે પડી રહ્યા છે.

# આઈકોનિક સ્થળ ભૂચર મોરી ખાતે કેબિનેટમંત્રી મુળુભાઈ બેરાની અધ્યક્ષતામાં વિકાસ સપ્તાહ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, વિકાસ સપ્તાહની સમગ્ર રાજ્યમાં ઉજવણી કરવામાં આવી રહી છે. જે પૈકી રાજ્યમાં ૨૩ આઈકોનીક સ્થળની વિકાસ પદયાત્રા અને વિકાસ સપ્તાહને અનુરૂપ કાર્યક્રમો યોજવા પસંદગી કરવામાં આવી છે. જેમાં જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં ભુચરમોરી ખાતે આવેલા શહિદવનનો સમાવેશ કરવામાં આવ્યો છે અને ત્યાં જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને વિકાસ ભારત અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં મંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધાના ૨૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે સરકારે ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની ઉજવણી કરવા ૨૩ સ્થળો નક્કી કર્યા છે. આ એ પ્રતિષ્ઠિત સ્થળો છે, જે શ્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન તેમના વિઝન અને નેતૃત્વને પ્રતિબિંબિત કરે છે. તેમજ તેમણે લોન્ચ કરેલા કે ઉદઘાટન કરેલા નોંધપાત્ર પ્રોજેક્ટ્સની ઝાંખી કરાવે છે.પસંદ કરાયેલ આ ૨૩ સ્થળોમાં જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલ ઐતિહાસિક ભૂચરમોરી યુદ્ધભૂમિ ખાતે નિર્માણ કરવામાં આવેલ શહીદ વનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ભુચરમોરીમાં માતૃભૂમિની રક્ષા કાજે ખેલાયેલા યુદ્ધમાં જે યોદ્ધાઓ શહિદ થયા છે તેમની યાદમાં શહિદવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે અત્યારે પ્રવાસનના સ્થળ તરીકે વિકસ્યું છે. જેના પરિણામે આજુબાજુના ધંધાર્થીઓની આર્થિક આવકમાં પણ વધારો થયો છે. વિકાસ સપ્તાહ એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વ અને રાષ્ટ્રનિર્માણ પ્રત્યેના તેમના સમર્પણની ઉજવણી છે, જેમાં વિકાસ પદયાત્રા તેમની ૨૩ વર્ષની લોક સેવા દરમિયાન હાંસલ કરેલી સિદ્ધિઓને અંજલિ આપે છે.



શહિદવન ખાતે મંત્રીએ વિકાસ પદયાત્રાનું સમાપન કરાવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓ, અગ્રણીઓ તેમજ પદાધિકારીઓ અને અધિકારીઓ જોડાયા હતા. કાર્યક્રમના અંતે સૌએ ભારત વિકાસ શપથ લીધા હતા ત્યારબાદ મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જિલ્લા કલેક્ટર બી.કે.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, નાયબ વન સંરક્ષક અરુણ કુમાર, પ્રાંત અધિકારી સ્વપિનલ, તાલુકા વિકાસ અધિકારી સોજીત્રા, શાળાના વિદ્યાર્થીઓ, અગ્રણીઓ, તેમજ બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# જામસાહેબનો ઐતિહાસિક નિર્ણય : ક્રિકેટર અજય જાડેજાની વારસદાર તરીકે જાહેરાત કરી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના રાજ પરિવારે ઐતિહાસિક નિર્ણય લીધો છે. જામસાહેબ શત્રુશલ્યસિંહજીના વારસદાર તરીકે ભૂતપૂર્વ ક્રિકેટર અજય જાડેજાનું નામ જાહેર કર્યું છે. એક પત્ર દ્વારા જામસાહેબે આ જાહેરાત કરી છે. પત્રમાં તેમણે લખ્યું- પઅજય જાડેજાએ મારા વારસદાર થવાનું સ્વીકાર્યું છે અને જામનગરની પ્રજાની સેવાની જવાબદારી ઉઠાવે તે ખરેખર પ્રજા માટે વરદાનરૂપ છે. ભારતના પૂર્વ ક્રિકેટર અજય જાડેજાની ગણતરી ક્રિકેટના શ્રેષ્ઠ ઓલરાઉન્ડર ખેલાડીઓમાં થતી હતી. અજય જાડેજાની ગણતરી ભારતીય ક્રિકેટના શ્રેષ્ઠ ઓલરાઉન્ડર ખેલાડીઓમાં થતી હતી. અજય જાડેજાનો જન્મ ૧ ફેબ્રુઆરી ૧૯૭૦ના રોજ ગુજરાતના





જામનગરમાં એક રાજવી પરિવારમાં થયો હતો. અજય જાડેજા રાજપૂત પરિવારમાંથી આવે છે અને ગુજરાતના જાડેજા રાજવી પરિવારમાંથી આવે છે. અજય જાડેજાની ક્રિકેટ કારકિર્દી ૧૯૯૨થી ૨૦૦૦ સુધી ચાલી હતી જેમાં તે ભારતના સ્ટાર બેટર પણ રહી ચૂક્યા હતા. અજય જાડેજાએ પોતાની વન-ડે કારકિર્દીમાં ૧૯૬ મેચ રમી હતી. ભારતીય ક્રિકેટ ટીમના નિયમિત બેટર હોવા ઉપરાંત અજય જાડેજા પણ સારી બોલિંગ કરી શક્તા હતા.

# સાયબર ગઠિયા હજારોમાં ભાડુ આપી કરોડોના ટ્રાન્જેક્શન કરતા હતા, ૧૧ ખાતામાં ૪ કરોડના ટ્રાન્જેકશન થયાનો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં ઓનલાઈન આર્થિક ઠગાઈના વધતા બનાવોને ડામવા માટે જામનગર સાયબર ક્રાઈમ પોલીસે મહત્વની કામગીરી કરી છે. પોલીસે ગુન્હાહીત હેતુસર બેંક એકાઉન્ટ ખોલાવી લોકો પાસેથી મોટી રકમની ઉચાપત કરનારા ૧૧ આરોપીઓને ઝડપી પાડ્યા છે.જ્યારે અન્ય શખ્સોની સંડોવણી સામે આવી છે. આ કામગીરીમાં પોલીસે આરોપીઓ પાસેથી ૪ કરોડ રૂપિયાથી વધુની અનધિકૃત લેવડદેવડના પુરાવા મેળવ્યા છે. આરોપીઓ જામનગર શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતા હતા અને તેઓ ઓનલાઈન ફ્રોડ, લોન ફ્રોડ જેવા ગુનાઓ આચરતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી મોબાઈલ ફોન, સિમ કાર્ડ અને અન્ય ડિજિટલ ઉપકરણો કબજે કર્યા છે. જામનગર સાયબર ક્રાઈમ ની ટીમ દ્વારા આમીર હુસેન હનીફભાઈ ગંઢાર (ઉ.વ.૨૨ ધંધો કિરાણાની દુકાન રહે વાઘેરવાળા ,હુસેની મસ્જીદનીબાજુમા), ઉબેદભાઈ ઓસમાનભાઈ ગોધવીયા (ઉ.વ.૩૯ ધંધો ટ્રાન્સપોર્ટ રહે ગુલાબનગર પોલીસ ચોકીની સામે,દર્ગા વાળો ઢાળીઓ,કે.જી.એન બીયારીની વાળાની સામે જામનગર), કપીલ વીનોદભાઈ મજીઠીયા (ઉ.વ.૩૯ ધંધો ડ્રાઈવીંગ રહે નાગના દરવાજા,અંબાજી ચોક,સવાભાઈની શેરી,ખત્રી ફળી જામનગર), જફરૂલ્લાખાન સુલતાનખાન લોદી (ઉવ ૫૧ ધંધો રીક્ષા ડ્રાઈવીંગ રહે કલ્યાણ ચોક્ની સામે રબાની પાર્ક,મોરકંડા રોડ જામનગર), દેવરાજ બાબુભાઈ ચોવટીયા (ઉ.વ.૩૩ ધંધો.મજુરીકામ રહે.મારૂતીનંદન શેરી નં-૦૫,લાલપુર બાયપાસ પાસે, તા.જી.જામનગર મુળ રહે.મોટા થાવરીયા ગામ, તા.જી.જામનગર), બાસીતખાન જફરૂલ્લાખાન લોદી (ઉવ ૨૦ ધંધો પ્રા.નોકરી રહે કલ્યાણ ચોકની સામે રબાની પાર્ક,મોરકંડા રોડ જામનગર), મયુર મનહરલાલ સોઢા (ઉ.વ.૪૪ ધંધો.પ્રા.નોકરી રહે.મકાન નુ નામ-અશોક,ચારણ ફળી,ઘનબાઈના ડેલા પાસે,ગીરધારી મંદિર પાસે,) મહેન્દરભાઈ રામજીભાઈ કણજીરયા (લોનએજન્ટ રહે જુના નાગના,રાંદલ માતા વાળી શેરી, જામનગર), મુકેશભાઈ અરવીંદભાઈ રાઠોડ ઉવ ૨૬ ધંધો સલુન કામ રહે માતૃઆશીષ ,શેરી નં-૪,નવાગામ ઘેડ જી. જામનગર) અને મોહીબઅલી મહેબુબભાઈ મકવાણા



(ઉ.વ૨૮ ધંધો કોટક મહિન્દ્રા બેન્કમા પ્રા.નોકરી રહે વાઘેરવાડા, સુભાષ માર્કેટ પાસે હુસેની મસ્જીદ પાછળ જામનગર) તથા સમીર ટીકરીયા જાતે.ભાવસાર (ઉ.વ.૨૬ ધંધો.લોંડ્રીકામ રહે.હાલ.રવાપર રોડ, કેનાલ ચોકડી, ભાગ્યલક્ષ્મી લોંન્ડ્રી, તા.જી.મોરબી મુળ. નીર્મલ નગર-૦૧,ખોડલ કુપા, તુલસી પાન પાસે, રામેશ્વરનગર, તા.જી.જામનગર) ને પકડી પાડયા હતાં.

જ્યારે આ આરોપીઓની તપાસમાં વસંત જેઠવા (રહે.ભોયવાડો જામનગર) મોહીબ અલી મહેબુબ મકવાણા (રહે.વાઘેરવાડો જામનગર) હીતેષ સોની (રહે.અમદાવાદ) ભાવેશ પરમાર (રહે.ધુંવાવ જામનગર) સદામ સલીમભાઈ બાનાણી (રહે.રબાની પાર્ક જામનગર), હેમેન્દ્ર તુલશીભાઈ કાસુંદ્રા રહે.રાજકોટ), સહદેવસિંહ દિલીપભા રાઠોડ (રહે.રાંદલનગર જામનગર), આનંદ હીતેષભાઈ ચોથાણી (રહે.પટેલવાડી જામનગર) ની સંડોવણી ખુલી હતી.

# સુરેન્દ્રનગરના દેદાદરા ગામે માતાજીની પ્રસાદી લીધા બાદ ૪૨ લોકોને ઝેરી અસર

## પેંડાની પ્રસાદીમાં કશુક પડી ગયાની શંકાઃ આરોગ્ય વિભાગે નમુના લીધા

**મુખ્ય સમાચાર,સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના દેદાદરા ગામે માતાજીની પેંડાની પ્રસાદી લીધા બાદ ઝેરી અસર થતાં ૪૨ લોકોની તબીયત લથડી હતી. અને તમામને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતાં. આ બનાવની જાણ થતાં આરોગ્ય ખાતુ દોડયું હતું. અને તપાસ હાથ ધરી છે.

કોઠારીયા દેદાદરા વઢવાણ તેમજ સુરેન્દ્રનગરની સિવિલ હોસ્પિટલમાં અસરગ્રસ્ત લોકોને સારવાર આપવામાં આવી છે. માતાજીને પ્રસાદ સ્વરૂપે પેંડા ચડાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ આ પેંડા નો પ્રસાદ વેચવામાં આવ્યો હતો આ પેંડા ની ખરીદી ગામમાં આવેલી મીઠાઈની દુકાનમાંથી જ કરવામાં આવી હોવાનું હાલ સામે આવી રહ્યું છે જોકે આ મુદ્દે જે લોકોએ પેંડા ખાધા તેમની તબિયત લથડી હોવાનું સામે આવ્યું છે ત્યારે હાલ આરોગ્ય વિભાગ અને ખાસ કરી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ હોય ગામમાં ધામા નાખ્યા છે. જે પ્રસાદી ચઢાવવામાં આવી હતી તે પરસાદીના નમુના પણ લેવામાં આવ્યા છે અને તેને ટેસ્ટિંગ માટે મોકલી આપવામાં આવ્યા છે ગામમાં કોઈ અન્ય દુર્ઘટના અથવા તો આ ફૂડ પોઈઝિંગની અસરથી અન્ય કોઈ ગંભીર પ્રકારની ઘટના ન બને તે હેતુથી ગામમાં સ્ટેન્ડ બાય આરોગ્યની ટીમો પણ રાખી દેવામાં આવી છે ત્યારે હાલ આ ઘટનાને એટલે આરોગ્ય વિભાગમાં દોડધામ મચી જવા પામી છે બાળકો અને વૃદ્ધોને સૌથી વધુ અસર થઈ હોય આ ફૂડ ૐ પોઝિંગની ઘટનામાં તેવું હાલ સામે આવી રહ્યું



છે.સારવાર માટે દર્દીઓને લાવવામાં આવ્યા હતા પરંતુ ત્યારબાદ તેમને બે કલાક સુધી બેસાડી રાખવામાં આવ્યા હતા કોઈપણ પ્રકારની સારવાર કરવામાં ન આવી હતી અને રૂમમાં સુવડાવી રાખવામાં આવ્યા હોવાનો દર્દીઓનો આક્ષેપ છે ત્યારે તેમની કોઈ સારવાર કરવામાં ન આવતા અંતે હોબાળો મચ્યો હતો અને ફૂડ પોઝિંગની અસરના દર્દીઓ ખાટલામાંથી ઊભા થઈ અને ચાલવા લાગ્યા હતા એટલે સવાલ એ છે કે બે કલાક સુધી દર્દીઓ સૂઈ રહ્યા ગાદી હોસ્પિટલનો સ્ટાફ તેને બેઠો બેઠો જોતો હતો પરંતુ તેના કોઈ સારવાર ન આપવામાં આવી હોબાળો મચ્યો અને દર્દી ઊભા થઈ ભાગવા લાગ્યા અને તે ખાનગી હોસ્પિટલમાં તે સારવાર માટે પહોંચ્યા અને તેમની સારવાર કરાવી હતી.

# ઉનામાં લોકોના સ્વાસ્થય સાથે ચેડા કરતી ખાદ્યતેલની મસમોટી મીલ ઝડપાઈ

■ એસ ડી એમ ની ટીમ ના દરોડાઃ ૩૧૦ લાખ નું ખાદ્ય તેલ જપ્ત ગોડાઉન સિલ કરાયું

**અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના**



ગીર સોમનાથ દબંગ કલેકટર દિગ્વિજય સિંહ જાડેજા ને બાતમી મળી હતી કે ઉના દેલવાડા રોડ પર ભવાની મિલ નામની તેલની કંપની આવેલી જેમાં મોટા પ્રમાણ માં ભેલ શેળ તેલ માં કરી લોકો નાં સ્વાસ્થય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે

કલેકટર ને બાતમી મળતા તત્કાળ ઉના એસ ડી એમ અને ટીમ ને રવાના કરી તેલ ની મિલ પર દરોડો પાડયો હતો તંત્ર ની ટીમે ભવાની ઓઈલ મીલ નો નજારો જોતા ક ચોકી હતી કારણ કે અહી અલગ અલગ મોટી બ્રાન્ડ ના કપાસિયા તેલ અને અન્ય તેના ડબ્બાઓ અને લેબ્લો મળી આવ્યા વધુ તપાસ હાથ ધરતા ભેલ સેળ યુક્ત તેલ મળી આવ્યું આશરે ૩૧ લાખ રૂપિયા ની કિંમત નું તેલ અહી મળી આવ્યું કલેકટર દિગ્વિજય સિંહ જાડેજા ના જણાવ્યા મુજબ પામ ઓઈલ અને અલગ અલગ અન્ય વસ્તુઓ ને મિક્સ કરવામાં આવતી અને તેલ ના ડબ્બા પર બ્રાન્ડેડ કંપની નાં સ્ટીકર ચિપકાવી આં તેલ ને માર્કેટ માં મોટા પ્રમાણ માં વહેચવામાં આવ તુઆરોપી વ્યાપારી ની પૂછપરછ કરતા તેમને સ્વીકાર્યું કે તે સસ્તી વસ્તુઓ અને પામ ઓઈલ નાખી મસમોટું વ્હેચાન કરતો હતો એટલુજ નહિ કલેકટર નિં ટીમો દ્વારા જ્યા જ્યા શોપ અને અન્ય જગ્યા પ્ર પર ડુપ્લીકેટ તેલ વહેચવામાં આવ્યું તે પન જપ્ત કરવાની કામગીરી હાથ ધરી છે.

# મોરબીમાં જૂની અદાવતમાં યુવકનું અપહરણ કર્યા બાદ હત્યા નિપજાવી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં જૂની અદાવતનું મનદુઃખ રાખી સાતથી આઠ શખ્સો દ્વારા મોડીરાત્રે સામાકાંઠા વિસ્તારમાંથી યુવકનું અપહરણ કરી પથ્થર અને લાકડી વડે બેફામ મારી ગંભીર ઈજાઓ પહોંચાડતા યુવકને સારવાર મળે તે પહેલાં તેનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે હત્યાના આ બનાવમાં મોરબી પોલીસ દ્વારા તપાસની તજવીજ હાથ ધરી છે, હાલ યુવકનો મૃતદેહ મોરબી સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો છે.



મોરબીના ઈન્દિરાનગરમાં ખોડિયાર માતાજીના મંદિર પાસે રહેતા રવિ પરસોત્તમભાઈ માનેવાડીયા ઉવ.૨૩ નામના યુવાનનું મોડીરાત્રીના ત્રાજપર ખારી તરીકે ઓળખાતા વિસ્તારમાંથી સાતથી આઠ શખ્સો અપહરણ કરી લઈ ગયા બાદ બેલા ગામ નજીક પુલ પાસે પથ્થર અને લાકડી વડે બેફામ માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ત્યારે બનાવની જાણ રવિભાઈના ભાઈને થતા તુરંત પોતાના ભાઈને સારવાર માટે મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા હોય તે દરમિયાન રસ્તામાં જ રવિભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. બાદમાં મોડીરાત્રે મૃતદેહને મોરબી સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલ મોરબી પોલીસે બનાવ અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ત્યારે હત્યાના બનાવ અંગે પોલીસની તપાસમાં જૂની અદાવતનો ખાર રાખી હત્યા નિપજાવ્યા હોવાનું મૃતકના પરિવારજનો દ્વારા પ્રાથમિક વિગતો આપતા જણાવ્યું હતું.

# જામનગરમાં નર્સિંગ સ્ટાફ દ્વારા નવરાત્રિ મહોત્સવની કરાઈ ઉજવણી



જામનગર નર્સિંગ પરિવાર દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણી જામનગરમાં જી.જી.હોસ્પીટલ પાસે આવેલા મેદાનમાં નર્સિંગ પરિવાર દ્વારા આ વખતે પણ નવરાત્રી મહોત્સવનું રંગેચંગે આયોજન કરવામાં આવ્યું છે. કર્મચારીઓ જોડાયા હતા.

# જામનગર શહેરના શંકર ટેકરી વિસ્તાર નજીક મહાજન આગેવાન મનસુખભાઈ ખીમસિયાની છરીના ઘા ઝીંકી હત્યા



જામનગર શહેરના શંકર ટેકરી વિસ્તાર નજીક મહાજન આગેવાન મનસુખભાઈ ખીમસિયાની છરીના ઘા ઝીંકી હત્યા.જામનગર શહેરમાં નવરાત્રિના પાવન પર્વ દરમિયાન એક કરૂણ ઘટના બની છે. શંકર ટેકરી ઉદ્યોગનગર વિસ્તારમાં આવેલ ખોડીયાર માતાજીના મંદિર નજીક મનસુખ ખીમજીભાઈ ખીમસારિયા નામના મહાજન આગેવાનની નિર્દયતાથી હત્યા કરવામાં આવી છે. મનસુખ ખીમસારિયા નવરાત્રિ દરમિયાન બાળાઓને લાડુ વહેંચવા ગયા હતા ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયાર વડે તેમના પર પ્રચંડ હુમલો કરી તેમની હત્યા કરી નાખી હતી. આ ઘટનાની જાણ થતાં જ શહેરમાં શોકનું મોજું ફેલાયું હતું અને મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટાફે ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે અને મૃતકના દેહને પોસ્ટમોર્ટમ માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હત્યાના કારણો અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી અને પોલીસ તમામ પાસાઓ પરથી તપાસ કરી રહી છે.

# મોરબી જીલ્લાની સરકારી શાળાઓમાં વિવિધ સરકારી તાયફાના કારણે હજારો બાળકોનું શિક્ષણ રૂંધાયુંઃકોંગ્રેસ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા દ્વારા સરકાર ઉપર આકરા પ્રહારો કરી સરકારી શાળાઓના શિક્ષકોને ભણાવવાની કામગીરી છોડી અન્ય કામગીરીમાં વ્યસ્ત રાખી સરકારી શાળામાં ભણતા હજારો બાળકોના શિક્ષણની ઘોર ખોદી હોવાના આક્ષેપો કર્યા છે.

મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા પ્રેસયાદીમાં જણાવ્યા અનુસાર મોરબીમાં સરકારની વાહવાહી કરવા જાત જાતના શિક્ષણ સિવાયના કાર્યક્રમો શિક્ષકો પર થોપી અધિકારીઓ શિક્ષણની ઘોર ખોદી રહયા છે. હાલ ૧૭ મી ઓક્ટોબરથી સરકારી શાળાઓમાં સત્રાંત પરીક્ષાનો પ્રારંભ થઈ રહયો છે. ત્યારે એક બાજુ બાળકોના શિક્ષણના ભોગે શિક્ષકોની તાલીમ વારાફરથી છેલ્લા એક માસથી ચાલી રહી છે. આ તાલીમમાં બજેટ વાપરવા સિવાયનો કોઈ હેતુ જણાતો નથી. તાલીમની સાથે સાથે વી.સી.ઈ., સસ્તા અનાજના દુકાનદારો અને તલાટી મંત્રીઓને કરવાની ય-સુભ ની જટિલ કામગીરી શિક્ષકો ઉપર થોપી દેવામાં આવી છે. દરરોજ જાત જાતની ગુગલ સીટ મોકલી આંકડા અને નાંમાવલી માંગવામાં આવે છે. રોડ-રસ્તાના કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારનું કોઈ પુછતું નથી અને ગરીબ બાળકોને મળતી ૧૬૫૦/- રૂપિયા માટે બાળકોને સાત કોઠા વિંધવા પડે એટલી માહિતી આપવી પડતી હોય, પ્રથમ સત્ર પૂર્ણ થવા આવ્યું છતાં ગરીબ બાળકોને શિષ્યવૃતિ મળી નથી.

બીજી બાજુ સરકારની વાહવાહી કરવા વિકાસ સપ્તાહની ઉજવણીના કાર્યક્રમો જેવા કે સરકારી શાળાઓમાંથી ખાનગી શાળાઓમાં દાખલ કરવા સરકાર દ્વારા લેવાતી ઈઊઝ અને જ્ઞાન સાધના પરીક્ષા માટે સતત શિક્ષકો પર પ્રેશર કરવામાં આવે છે. એકબાજુ શિક્ષકોને વર્ગમાં રહેતા નથી દેવા અને બીજીબાજુ ઈઊઝ અને જ્ઞાન સાધનની પરીક્ષામાં વિદ્યાર્થીઓ મેરીટમાં ન આવ્યા હોય એવી શાળાઓને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મારફત નોટીસો અપાવી. ત્યારબાદ શિક્ષકો પર ઝાડવા વાવવાનું પ્રેશર કર્યુ અને શિક્ષકોએ બાળકોને ભણાવવાનું છોડી ઝાડ વાવ્યા.

આ ઝાડ વાવવાનો કાર્યક્રમ પૂર્ણ થયો ત્યાં રાષ્ટ્રીય મેલેટરી દહેરાદુર દ્વારા લેવાતી પરીક્ષામાં ગુજરાત રાજયનો કોટો માત્ર એક સીટ હોવા છતાં જીલ્લા વિકાસ



અધિકારી દ્વારા શિક્ષકોને વધુમાં વધુ ફોર્મ ભરવાનો ફતવો આપવામાં આવ્યો. હાલમાં વળી જીલ્લા વિકાસ અધિકારીને નવો તુકકો સુજયો સ્ટાફ સિલેકશન કમિશન અને રેલવે દ્વારા ભરતી આવી હોય, પ્રાથમિક શિક્ષકોને ધો.૧૦ અને ધો.૧૨ પાસ વિદ્યાર્થીઓને શોધી શોધીને ફોર્મ ભરાવવા અને દરરોજ કેટલા ફોર્મ ભર્યા એની માહિતી આપવી. આમ શિક્ષકોને વિદ્યાર્થીઓને ભણાવવાનું મુળ કામ છોડી શિક્ષણ સિવાયના કામો કરવાથી શિક્ષકો ત્રાંસી ગયા છે, કંટાળી ગયા છે, શિક્ષકો પાસે બી.એલ.ઓ. નું તો કામ છે જ. એમાંય વળી આવા વધારાના કામોથી શિક્ષકોનું મોરલ દિવસે દિવસે તુટી રહયું છે અને સરકારી શાળાઓના વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત થઈ રહયા છે. તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં મુદ્દલ-વ્યાજ આપી દીધા છતા વેપારી યુવક પાસે રૂપિયાની પઠાણી ઉઘરાણી કરતા ૨ વ્યાજખોર સામે ફરિયાદ

મોરબીમાં વેપારી યુવકે ૨.૫૦ લાખ વ્યાજે રૂપિયા લીધા હોય તેની સામે ૬.૫૦ લાખ ચૂકવી દીધા હોવા છતા છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી તથા વારંવાર ફોન કરી ગાળો આપી હજુ ૮ લાખની ઉઘરાણી કરતા બે વ્યાજખોર સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને વ્યાજખોર સામે ગેરકાયદેસર ગુજરાત નાણા ધીરધાર કરવા ઉપર પ્રતિબંધ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મોરબીના સ્કાય મોલ સામે સોમનાથ એપાર્ટમેન્ટના બ્લોક નં.૪૦૨,૩માં રહેતા હર્ષભાઈ જગદીશભાઈ ફેફર ઉવ.૨૬ એ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી બે વ્યાજખોર ભરત ઉર્ફે બી.કે કાળુભાઈ ગોગરા રહે. લીલાપર રોડ બોરીચાવાસ તથા રાજન ભરતભાઈ કાતડ રહે.શનાળા બાયપાસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે હર્ષભાઈને ધંધામાં રૂપિયાની જરૂરિયાત ઉભી થતા તેમના મિત્ર રાજન મારફત ભરત ઉર્ફે બી.કે પાસેથી જૂન માસમાં ૨.૫૦ લાખ વ્યાજે રૂપિયા લીધા હતા, જેનું વ્યાજ ૩૭,૫૦૦/- દર મહિને નિયમિત ચૂકવતા હતા. ત્યારે તા. ૨૫/૦૯ સુધીમાં ૬.૫૦ લાખ ચૂકવી દીધા હતા, છતા પણ હજુ ૮ લાખની માંગણી કરી બંને આરોપીઓ દ્વારા ફોનમાં તથા રૂબરૂ અપશબ્દો આપી રૂપિયાની પઠાણી ઉઘરાણી કરતા હોય, ગત તા. ૦૬/૧૦ ના રોજ હર્ષભાઈને આરોપી રાજને ફોન કરી જુના ઘુટુ રોડ ઉપર બોલાવી આરોપી ભરત ઉર્ફે બી.કે. દ્વારા છરી પેટ પાસે રાખી અત્યારે જ ૮ લાખ રૂપિયા ઘરેથી મંગાવવા દબાણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, આ ઉપરાંત હર્ષભાઈના અન્ય મિત્રને આ આરોપી ભરત પાસેથી વ્યાજે રૂપિયા લેવડાવ્યા હતા તેના વ્યાજની પણ હર્ષભાઈ પાસે ઉઘરાણી કરતા હોય જેથી બંને વ્યાજખોરોના માનસિક ત્રાસથી કંટાળી બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે વ્યાજની પઠાણી ઉઘરાણી, ધાક ધમકી સહિતની લાગુ પડતી કલમો હેઠળ બંને આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# રાજકોટમાં આજે રાત્રે ગુજરાતના સૌથી મોટા રાવણના પૂતળાનું દહન





(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર–કચ્છમાં આજે વિજયાદશમીનો તહેવાર અનેરા ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવાશે. આજે દશેરાના સાંઈબાબાની નિર્વાણ તિથિ છે. સાંઇ મંદિરોમાં વિશેષ આયોજનો કરાયા છે. રાજકોટ, જામનગર, જુનાગઢ, અમરેલી, મોરબીમાં આજે રાવણદહન તથા શસ્ત્રપૂજનના કાર્યક્રમને વિહિપ–બજરંગદળ દ્વારા યોજવામાં આવેલ છે. જામનગર, જુનાગઢ, મોરબી, પોરબંદરમાં શોભાયાત્રા રાવણદહન તથા શસ્ત્રપૂજન કરવામાં આવશે. આદ્યશકિતની આરાધનાનું મહાપર્વ નવરાત્રીનું સમાપન થયું છ. આજે અર્વાચીન રાસોત્સવ દ્વારા મેગા ફાઈનલના આયોજનો થયા છે. અધર્મ સામે ધર્મના વિજયનું પર્વ વિજયાદશમીનું પર્વ સમગ્ર સૌરાષ્ટ્રવાસીઓ અનેરા ઉમંગ સાથે ઉજવશે. દશેરાના દિવસે જલેબી–ગાંઠીયા ખાઈને લોકો પર્વની ઉજવણી કરશે. રાજકોટમાં વિહિપ–બજરંગદળ દ્વારા આજે સાંજે ૭ વાગે રેસકોર્સ મેદાન પર શસ્ત્રપૂજન, રાવણ દહન તથા આતશબાજીનું આયોજન કરવામાં આવેલ છે. આજે રેસકોર્સમાં રાષ્ટ્રભકિત અને ધર્મભકિતને ઉજાગર કરતો લાઇટ એન્ડ સાઉન્ડ લેસર શો યોજાશે. ૨૫૦૦ ફુટ ઉપર ફુટે તેવા સાયરીંગ મ્યુઝીક શોટની આતશબાજી બાદ રાવણ દહન કરવામાં આવશે.

## વ્યક્તિ સાધનથી નહીં પણ કર્મજ્ઞાનની સાધનાથી મહાન બને છે :ડો. રાજીવ મિશ્રા

મુખ્ય સમાચાર,રાજકોટ

જે રીતે ગણિત શીખ્યા વગર વ્યાપાર શક્ય નથી તે જ રીતે કર્મજ્ઞાનના અભ્યાસ વગર જીવનમાં આનંદ અને હસી ખુશી સંભવ નથી આ વાત કર્મયોગી અને મોટીવેશન ગુરુ ડો. રાજીવ મિશ્રાએ કરી હતીડોક્ટર રાજીવ મિશ્રાએ જણાવ્યું હતું કે કર્મજ્ઞાનને શીખી અને તેના અભ્યાસ વડે દરેક વ્યક્તિ પોતાના જીવનને સુંદર બનાવી શકે છે અને પ્રત્યક્ષ અનુભવી શકે છે કે જિંદગી કેટલી સુંદર છે દર રવિવારે તેમજ બુધવારે કર્મજ્ઞાન પર ડોક્ટર મિશ્રા દ્વારા વિપુલ વ્યાખ્યાન માળા યોજાય છે જેનો સમય સવારે ૭:૪૦ થી ૮:૨૦ કલાક દરમિયાન છે યદયક્ષશક્ષલ ાજ્ઞતર્જિબેલી બાગ પાસે રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંક ની બાજુમાં આ વ્યાખ્યાન માળા યોજાય છે વધુમાં આગામી તારીખ પાંચ જાન્યુઆરીના રોજ




કર્મયોગ મંદિર દ્વારા દર વર્ષની માફક કર્મયોગ દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવશે બે કલાક દરમિયાન ડોક્ટર મિશ્રા દ્વારા કર્મજ્ઞાન અને તેના અભ્યાસ પર સુંદર અને દરેક વ્યક્તિ સમજી શકે તે રીતની સમજણ આપવામાં આવશે આવતીકાલે યોજનારા કર્મજ્ઞાન પરના લેક્ચરમાં ડો. મિશ્રા વ્યક્તિ સાધનોથી પરંતુ કર્મ જ્ઞાન થી શ્રેષ્ઠ બને છે તેના પર સમજણ આપશે વધુ વિગત તેમજ કર્મજ્ઞાન ગ્રુપમાં જોડાવા ડોક્ટર મિશ્રા whatsapp નંબર ૮૫૧૧૮૨૯૦૦૨ નો સંપર્ક કરવો

## જામકંડોરણા પંથક ના આંચવડ ગામે ગુમાવ્યો સપૂતઃ પંથકમા ઘેરો શોક

### સેનાની તાલીમ સમયે તોપમાંથી છૂટયો સેલ



રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના આંચવડ ગામના અગ્નિવીર સૈનિક વિશ્વરાજસિંહ ગોહિલ દેવલાલી(નાસિક) ખાતે ફરજ બજાવતા શહીદ થતા દેશસેવામાં જીવન સમર્પિત કરનાર વીર શહીદ જવાનનો પાર્થીવ દેહ માદરે વતન આંચવડ ગામ જતા પહેલા ક્ષત્રીય સમાજ વાડી–જામકંડોરણા ખાતે લાવતા કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા તેમજ રાજ્ય સરકારના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા તેમજ ધારાસભ્ય જયેશ રાદડીયા,કલેક્ટરશ્રી અને જીલ્લા પોલીસના અધીકારીઓ અને ગ્રામજનોએ શહીદ વીર જવાન વિશ્વરાજસિંહને પુષ્પાંજલી અર્પણ કરીને એમના પરીવારજનોને સાંત્વના પાઠવીને આંચવડ ગામે વીર જવાન વિશ્વરાજસિંહને અશ્રુભિની અંતિમ વિદાય આપી.

## રાજકોટ રેલ્વે ડિવિઝન ખાતે રાજભાષા પખવાડા-૨૦૨૪નો એવોર્ડ વિતરણ સમારોહ સંપન્ન

રાજભાષા પખવાડાનું તાજેતરમાં ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમાર દ્વારા ઇનામ વિતરણ સાથે સમાપન થયું. આ પ્રસંગે અધિક મુખ્ય રાજભાષા અધિકારી, એડીઆરએમ શ્રી કૌશલ કુમાર ચૌબે, રાજભાષા અધિકારી શ્રી અતુલ ત્રિપાઠી, વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ અને રેલવે કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪.૦૯.૨૦૨૪ થી ૩૦.૦૯.૨૦૨૪ દરમિયાન ડિવિઝનલ રેલ્વે મેનેજર-ઓફિસ, રાજકોટમાં રાજભાષા પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડિવિઝનના વિવિધ વિભાગો અને ડિવિઝનના સ્ટેશન કર્મચારીઓએ ભાગ લીધો હતો. હિન્દી પખવાડા-૨૦૨૪ દરમિયાન, મંડળ ના રાજભાષા વિભાગમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હિન્દી નોટ ડ્રાફ્ટિંગ, હિન્દી નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, હિન્દી સાહિત્યિક




પરિસંવાદ, હિન્દી વ્યાખ્યાન અને બાળકો માટે નિબંધ, કવિતા/ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દી પખવાડિયા દરમિયાન રેલવે કર્મચારીઓએ સ્વ-રચિત હિન્દી કવિતામાં ભાગ લીધો હતો. હિન્દી પખવાડા દરમિયાન વિભાગના અધિકારીઓએ હિન્દી નિબંધ સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો. ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમારે તેમના સંબોધનમાં વિવિધ હિન્દી સ્પર્ધાઓમાં વિજેતા બનેલા રેલ્વે કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા અને તમામ રેલ્વે કર્મચારીઓને તેમના રોજીંદા કામ હિન્દી ભાષામાં જ પૂર્ણ કરવા આહ્વાન કર્યું હતું. રાજકોટ ડિવિઝનના રાજભાષા અધિકારી શ્રી અતુલ ત્રિપાઠીના આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું.

## અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ-મહિલા સંઘ અને યુવા પાંખ દ્વારા શરદોત્સવનું આયોજન

મુખ્ય સમાચાર,રાજકોટ

અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ મહિલા સંઘ અને યુવા પાંખ દ્વારા ૨૩મો રાજપૂત શરદોત્સવનું આયોજન તા. ૧૩ ને રવિવારના સાંજે ૬-૦૦થી ૧૦-૦૦ સુધી બાલભવન, કિસાનપરા ચોક પાસે, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના મુખ્ય દાતા હરિશચંદ્રસિંહ જયેન્દ્રસિંહ જાડેજા (હસુભા) ઘંટેશ્વર તથા માતોશ્રી પાર્ટી પ્લોટ સુરેન્દ્રનગર તરફથી સહયોગ પ્રાપ્ત થયો છે.સ્વ. રાજેન્દ્રસિંહ જશુભા જેઠવા પાંડાવદર હ. કિશોરસિંહ જેઠવા તરફથી વિજેતા થયેલી દીકરીબાઓને શિલ્ડ આપવામાં આવશે તેમજ અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ તરફથી આકર્ષક ભેટ આપવામાં આવશે.

સ્પોન્સરમાં કેએપીએસ ગ્રુપ પી. ટી. જાડેજા, અક્ષિતસિંહ જાડેજા, શત્રુઘ્નસિંહ ઝાલા ચુડવા, રાજદિપસિંહ જાડેજા, અમરદિપસિંહ જાડેજા વાવડી, પૃથ્વીસિંહ ઝાલા લખતર, બાલાજી થાળ રાજકોટ, શક્તિસિંહ ઝાલા ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ તેમજ ગીતા સાડીઝ રાજકોટ તરફથી સહયોગ મળ્યો છે.

દરેક ગ્રુપમાં પ્રથમ ૧થી ૩ અને વેલડ્રેસ એમ કુલ ૪ ઈનામો આપવામાં આવશે. એ-ગ્રુપ વર્ષ ૫થી ૧૫, બી ગ્રુપ વર્ષ ૧૬થી ૨૫ તથા સી ગ્રુપ વર્ષ ૨૬થી ઉપરના બહેનોએ સમયાંતરે રમવાનું રહેશે. પહેલું ગ્રુપ ૬-૩૦ શરૂ કરવામાં આવશે. સર્વશ્રેષ્ઠ દીકરીબાને એક બમ્પર પ્રાઈઝ પણ આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિવિશેષ ડો. જયેન્દ્રસિંહ જાડેજા, જયપાલસિંહ રાઠોડ આઈપીએસ, દિગ્વિજયસિંહ ડી. જાડેજા, રાજપૂત સમાજના દરેક સંસ્થાના અગ્રણીઓ, દાતાઓ, ઉદ્યોગપતિઓ, પોલીસ અધિકારીઓ, પ્રેસ પ્રતિનિધિઓ અને સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાતમાંથી બહોળી સંખ્યામાં રાજપૂત ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહેશે. સતત ૨૩ વર્ષથી અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ રાજકોટ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે. ફકત રાજપૂત બહેનો જ આ કાર્યક્રમમાં રાસ રમી શકશે. રાજકોટ ખાતે અન્ય કાર્યક્રમમાં તા. ૨૩-૨-૨૫ સમુહલગ્નનું આયોજન પી. ટી. જાડેજા આશાપુરા ફાર્મ, શીતલપાર્ક ચોકડી પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલું છે. વધુ વિગત માટે પી. ટી. જાડેજા મો. ૯૯૨૫૨૪૮૨૪૮, કિશોરસિંહ



જેઠવા ૯૯૨૫૨૪૮૨૫૧, હિતેન્દ્રસિંહ ઝાલા ૯૯૭૪૦૯૯૯૦૦, કિરીટસિંહ જાડેજા ૯૮૭૯૧૬૬૫૧૨, પથુભા જાડેજા ૯૮૨૪૮૪૪૧૫૬નો સંપર્ક કરી શકાશે તેમજ તા. ૨૯-૧૨ રવિવારના રોજ રાજકોટ જિલ્લાની વાર્ષિક શિબિર યોજાશે.

મુખ્ય આયોજન કમિટીના પી. ટી. જાડેજા ચેરમેન, કિશોરસિંહ જેઠવા પાંડાવદર કન્વીનર, હિતેન્દ્રસિંહ ઝાલા કોઠારીયા કન્વીનર, કિરીટસિંહ જાડેજા સહકન્વીનર મોટાભેલા, પથુભા જાડેજા ખોખરી સહકન્વીનર તથા રાજકોટ જિલ્લા અને શહેરની પૂરી ટીમ જહેમત ઉઠાવી આ કાર્યક્રમનો સફળ બનાવી રહ્યા છે. પી. ટી. જાડેજા, કિશોરસિંહ જેઠવા, હિતેન્દ્રસિંહ ઝાલા, કિરીટસિંહ જાડેજા, પથુભા જાડેજા, નિર્મળસિંહ ઝાલા, અક્ષિતસિંહ પી. જાડેજા, કનકસિંહ ઝાલા, શકિતસિંહ પરમાર, હિતેન્દ્રસિંહ ઝાલાએ મુલાકાત લીધી હતી.

## દશેરા નિમિત્તે ક્ષત્રિય સમાજ દ્વારા લાપાસરી ગામે યોજાયું શસ્ત્ર પૂજન



આજે દશેરા પર્વ નિમિત્તે સવારે ૮:૩૦ કલાકે શ્રી રાજપૂત ક્ષત્રિય સમાજ દ્વારા દર વર્ષની જેમ લાપાસરી ગામ ખાતે દશેરા નિમિત્તે શસ્ત્રપૂજનનું આયોજન કરવામાં આવેલ. જેમાં શોભાયાત્રામાં ક્ષાત્રત્વની ઓળખ તલવારબાજી પણ કરવામાં આવેલ.લાપાસરી ગામનાં ક્ષત્રિય સમાજનાં વડીલો તેમજ યુવાનો સાફા, પાઘડી તેમજ તલવાર સાથે શસ્ત્ર પુજનમાં જોડાયા હતા

## ભગવતિપરામાં રીક્ષા ચાલક પિસ્ટલ સાથે ઝડપાયો

### બે વર્ષ પહેલા અવસાન પામેલા મીત્રએ પિસ્ટોલ અને પાંચ કાર્ટીસ સાચવવા આપ્યાનું આરોપીનું રટણ

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટમાં બી ડીવીઝન પોલીસે બાતમી આધારે ભગવતીપરામાં દરોડો પાડી રીક્ષા ડ્રાઈવરને પિસ્ટલ અને ૫ જીવતા કાર્ટીસ સાથે દબોચી લઈ ૨૫,૫૦૦નો મુદામાલ કબ્જે કર્યો છે પૂછતાછમાં બે વર્ષ પહેલાં મિત્રએ હથીયાર સાચવવા આપ્યુ હોવાનુ અને હાલ તે મૃત્યુ પામ્યો હોવાની કબુલાત આપી છે.

શહેરમાં તહેવાર ટાણે અસરકારક પેટ્રોલિંગ કરવા ઉચ્ચ અધિકારીઓની સૂચના અન્વયે બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમીયાન હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા સહિતના સ્ટાફને બાતમી મળી હતી કે ભગવતીપરાથી બેડી ચોકડી તરફ જતાં રસ્તા પર એક શખ્સ હથીયાર લઈને ઉભો છે આ બાતમી આધારે સ્ટાફે દરોડો પાડી ત્યાં હાજર શખ્સને સકંજામાં લઈ તેનું નામઠામ પૂછતા ભગવતીપરા જયપ્રકાશનગરમાં રહેતો સમીરશાહ ઈ કબાલશા શાહમદાર ઉ.૨૯ હોવાનું જણાવ્યું હતું આરોપીની જડતી લેતા તેની પાસેથી એક દેશી બનાવટની પિસ્ટલ રૂ.૨૫ હજાર અને પાંચ જીવતા કાર્ટીસ મળી આવતાં તમામ મુદામાલ કબ્જે કરી પૂછપરછ કરતાં પોતે રીક્ષા હંકારતો હોવાનુ અને આ પિસ્ટલ અને જીવતા કારટીસ બે વર્ષ પહેલાં તેના મિત્રએ સાચવવા માટે આપ્યા હોવાની અને તે બાદ મિત્રનું અવસાન થતાં તે પિસ્ટલ પોતાની પાસે રાખી રોફ જમાવતો હોવાની કબુલાત આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### બેડીપરામાં રમતા રમતા હીંચકાની દોરી ગળામાં ફસાઈ જતા સગીરનું મોત

રાજકોટના સામાકાંઠે બેડીપરામાં ઘરના ઉપરના માળે હિંચકામાં રમતી વખતે ગળામાં દોરી ફસાઈ જતાં ગળાફાંસો આવી જતા ૧૩ વર્ષના ધો.૭નાં છાત્રનું મૃત્યુ નિપજયું હતું. આ મામલે બી ડીવીઝન પોલીસના સ્ટાફે કાગળો કર્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ, બેડીપરામાં પટેલવાડી સામે શિતળા માતાજીનાં મંદિર પાસે રહેતો મહંમદ હોજેફાભાઈ સામ (ઉ.વ.૧૩) આજે ઘરે ઉપરના માળે હિંચકામાં રમી રહ્યો હતો ત્યારે રમતા-રમતા હિંચકાની દોરી ગળામાં ફસાઈ જતા ગળાફાંસો આવી જતા તત્કાલ સિવિલમાં ખસેડાયો હતો. જયાં તેનું મૃત્યુ નિપજયું હતું. આ ઘટનાની જાણ થતા બી-ડીવીઝન પોલીસના એએસઆઈ કે.સી.સોઢા સહિતના સ્ટાફે હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.ધો. ૭માં અભ્યાસ કરતો મહમદ પરિવારનો એકલૌતો પુત્ર હતો. તેને એક બહેન છે.પિતા પ્રાઈવેટ નોકરી કરે છે. બનાવથી વ્હોરા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. આ ઘટના બની ત્યારે છોકરાઓ સ્કુલનું લેશન કરતા હતા. એકના એક પુત્રના મોતથી પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

## પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ ડિવિઝનથી વિવિધ સ્થળો માટે ૮ જોડી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન

મુખ્ય સમાચાર,રાજકોટ

ભારતીય રેલ્વે આ વર્ષે ૧ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજા દરમિયાન મુસાફરોની સરળ મુસાફરીની સુવિધા માટે ૬૫૫૬ વિશેષ ટ્રેનો ચલાવી રહી છે. દર વર્ષે તહેવારો દરમિયાન વિશેષ ટ્રેન દોડાવવામાં આવે છે અને આ વર્ષે મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ટ્રેનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. તેમાંથી પશ્ચિમ રેલ્વે ૧૦૬ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો સાથે ૨૩૧૫ ટ્રીપ ચલાવી રહી છે, જે હજુ પણ સમગ્ર ભારતીય રેલ્વેમાં સૌથી વધુ છે.

પશ્ચિમ રેલ્વે દિવાળી અને છઠ પૂજા માટે રાજકોટ ડિવિઝનમાંથી ૮ જોડી ફેસ્ટિવલ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનોનું સંચાલન કરી રહ્યું છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે. ૧) ટ્રેન નંબર ૦૯૫૨૫/૦૯૫૨૬ હાપા-નાહરલાગુન સ્પેશ્યલ (સાપ્તાહિક) ૨) ટ્રેન નંબર ૦૯૪૩૬/૦૯૪૩૫ ઓખા-ગાંધીગ્રામ (સાપ્તાહિક) સ્પેશિયલ ૩) ટ્રેન નંબર ૦૪૮૦૬/૦૪૮૦૫ ઓખા-ભગત કી કોઠી સ્પેશિયલ (સાપ્તાહિક) ૪) ટ્રેન નંબર ૦૯૫૨૩/૦૯૫૨૪ ઓખા-દિલ્હી સરાઈ રોહિલા સ્પેશિયલ (સાપ્તાહિક) ૫) ટ્રેન નંબર ૦૯૫૨૦/૦૯૫૧૯ ઓખા-મદુરાઈ સ્પેશિયલ (સાપ્તાહિક) ૬) ટ્રેન નંબર ૦૯૫૬૯/૦૯૫૭૦ રાજકોટ-બરૌની સ્પેશિયલ (સાપ્તાહિક) ૭) ટ્રેન નંબર ૦૫૦૪૬/૦૫૦૪૫ રાજકોટ-લાલકુઆં ફેસ્ટિવલ સ્પેશિયલ (સાપ્તાહિક) ૮) ટ્રેન નંબર ૦૯૫૭૫/૦૯૫૭૬ રાજકોટ-મહબૂબનગર સ્પેશિયલ (સાપ્તાહિક) આ ટ્રેનોના સમય, સ્ટોપેજ અને રચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## વર્લ્ડ મેન્ટલ હેલ્થ ડે નીમિતે મધ્યસ્થ જેલમાં ઉતમ મારૂએ મોટીવેશન સ્પીચ આપી

મુખ્ય સમાચાર,રાજકોટ

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, મું.લવાડ, તા.દહેગામ, જી.ગાંધીનગરના મનોસામાજીક સેવા કેંદ્રના આમંત્રણને માન આપીને ઉતમ મારુનાઓ દ્વારા તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ વર્લ્ડ મેન્ટલ હેલ્થ ડે નિમીતે અત્રેની રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હાજરી આપી જેલના રેડીયો પ્રિઝન મારફતે લાઈવ પ્રોગ્રામ આપી મોટીવેશન સ્પીચ આપેલ હતી. આ ઉપરાંત તેઓ દ્વારા ઓર્ગન,ગિટાર, માઉથ ઓર્ગન જેવા વાજિંત્રો દ્વારા તેમજ કરાઓકે ટ્રેક ઉપર અલગ અલગ હિન્દી ગીતો ગાઈને બંદીવાનોની ફરમાઈશ પુરી કરેલ હતી અને જેલમાં ખુબ જ સુંદર અને પ્રેરક કાર્યક્રમ આપેલ હતો. ભારત સરકાર દ્વારા બાળકોને આપવામા આવતા દેશના સર્વોચ્ચ એવોર્ડ બાલશ્રી થી વર્ષ



૨૦૧૧માં ઉતમ મારુનાઓને સન્માનિત કરવામા આવેલ છે. આ ઉપરાંત ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના રાજ્યપાલ, ગુજરાતના મુખ્યમંત્રીવગેરે જેવા અનેક મહાનુભાવુએ ઉતમ મારુને રુબરુ મળીને એની ઉપલબ્ધિઓ બીરદાવી છે. ઉતમ મારુને શ્રીમદ ભગવદગીતાના તમામ ૭૦૦ શ્લોક કંઠસ્થ છે તેમજ ૧૨૦થી વધારે શાસ્ત્રીય રાગની સમજ છે. તેઓની આ ઉપલબ્ધી માટે અત્યાર સુધીમાં ૧૧૭ શિલ્ડ, મેડલ અને પુરસ્કારો મળેલા છે. ઉક્ત મુજબના કાર્યક્રમ સબબ જેલ અધિક્ષકશ્રી રાઘવ જૈનનાઓ દ્વારા શ્રી ઉતમ મારુનાઓનું સન્માન કરી સન્માનપત્ર એનાયત કરવામાં આવેલ હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રંગીલા રાજકોટવાસીઓ ફાફડા જલેબી પર તૂટી પડ્યા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

કોઈ તહેવાર વગર આડા દિવસે પણ ફાફડા અને જલેબી ખાનાર રાજકોટિયનો દશેરામાં ફાફડા-જલેબી ખાધા વગર રહે? દશેરાના દિવસે શહેરભરમાં વહેલી સવારથી જ ફાફડા જલેબી લેવા માટે લોકોની લાંબી લોઈનો જોવા મળી હતી. દરેક વિસ્તારની ફેમસ ગાઠિયા-જલેબીની દુકાનોને લોકો વધારે પસંદ કરી રહ્યા છે. ફાફડાનો ભાવ કિલોનો ૫૦૦-૭૦૦ રૂપિયા અને જલેબીનો ભાવ ૬૦૦-૮૦૦ રૂપિયા છે. આમ સામાન્ય દિવસ કરતા આ દિવસે ભાવ આસમાને પહોંચી ગયો હોય તેવું જોવા મળ્યું હતું. પણ ખાનારા લોકો ભાવના જુએ દશેરામાં ફાફડા-જલેબી તો પહેલા જોઈએ. ભાવના વધારા સામે ગ્રાહકોની માગમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નથી.

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં આઠ કલાકમાં આઠ અપમૃત્યુના બનાવ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં કાળચક્ર ફરી વળ્યું હોઈ તેમ સાંજના સાત વાગ્યાથી લઈ વહેલી સવાર સુધીના આઠેક કલાકમાં આઠ લોકોના અલગ અલગ કારણોસર મૃત્યુ થયા હતાં. જેમાં રેલનગરમાં રહેતાં ફર્નિચરના કોન્ટ્રાક્ટર પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં પોતાના કારીગર વિરૂધ્ધ અરજી કરવા આવ્યા હોઈ અહિ હૃદય રોગનો હુમલો આવતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. કેશોદના બાલાગામના વૃધ્ધનું હાર્ટએટેક આવ્યા બાદ રાજકોટ સિવિલમાં મૃત્યુ થયું હતું. અન્ય બનાવમાં ગોંડલમાં હિટ એન્ડ રનમાં ઘવાયેલા વૃધ્ધનું પણ સિવિલમાં મૃત્યુ થયું હતું. જ્યારે અન્ય બનાવોમાં બેભાન હાલતમાં પાંચ લોકોના મૃત્યુ થયા હતાં.

પ્રાપ્ત વિગતો મુજબ રેલનગર અવધ પાર્ક સોસાયટીમાં રહેતાં મહેશભાઈ વલ્લભભાઈ દુધાત્રા (ઉ.વ.૪૨) નામના ફર્નિચર કામના કોન્ટ્રાક્ટર ગત રાતે સાડા દસેક વાગ્યે પ્ર.નગર પોલીસ સ્ટેશન ખાતે હતાં ત્યારે એકાએક ગભરામણ થવા માંડતા તેમની સાથે આવેલા કલર કામના કારીગર મહમદભાઈ સહિતે તુરત જ પોલીસની મદદથી સિવિલ હોસ્પિટલે ખસેડયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. બીજા બનાવમાં કેશોદના બાલાગામમાં રહેતાં પ્રભુદાસભાઈ ધનજીભાઈ વાઢેર (ઉ.વ.૮૦) દસમીએ સાંજે ઘરે બેભાન થઈ જતાં કેશોદ, જુનાગઢ બાદ રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું.

ત્રીજા બનાવમાં ગોંડલ ભવનાથ સોસાયટી-૨ શેરી નં. ૭માં રહેતાં નાગજીભાઈ પોપટભાઈ રાદડીયા (ઉ.વ.૮૬) દસમીએ સવારે ઘોઘાવદર સગાને મળીને પરત ગોંડલ આવી ઘોઘાવદર ચોક હનુમાનજી મંદિર પાસે વાહનમાંથી ઉતરી ચાલીને પોતાના ઘર તરફ જતાં હતાં ત્યારે અજાણી મહિલા ટુવ્હીલરની ઠોકરે લઈ ભાગી જતાં ગંભીર ઈજા થતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. ચોથા બનાવમાં બાબરીયા કોલોની પાસે રામેશ્વર સોસાયટી-૨માં રહેતાં પ્રવિણભાઈ દાનસિંહ બારડ (ઉ.વ.૩૮) બિમારીને લીધે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સાંજે દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. પાંચમા બનાવમાં ગોંડલ રોડ સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં નાનાલાલ મોરારજીભાઈ જેઠવા (ઉ.વ.૮૧) સાંજે બિમારીને લીધે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ સારવાર દરમિયાન રાતે દમ તોડી દીધો હતો. છઠ્ઠા બનાવમાં કોઠારીયા રોડ હુડકો કવાર્ટર માં રહેતાં ઈલાબેન યશવંતભાઈ ભીમજીયાણી (ઉ.વ.૫૨) સાંજે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

સાતમા બનાવમાં ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતાં ગિરીશભાઈ રાજુભાઈ



સોલંકી (ઉ.વ.૩૪) રાતે અગિયારેક વાગ્યે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ નિપજતાં સ્વજનોમાં ગમગીની વ્યાપી ગઈ હતી.

આઠમા બનાવમાં લાખાજીરાજ ઉદ્યોગનગર-૮માં રહેતાં વર્ષાબેન રમેશભાઈ ઝરવરીયા (ઉ.વ.૨૨) રાતે અગિયારેક વાગ્યે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ ટુંકી સારવારને અંતે મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આમ સાંજથી વહેલી પરોઢ સુધી સિવિલ હોસ્પિટલના અલગ અલગ વોર્ડમાં ઉપરોક્ત આઠ લોકોએ દમ તોડી દેતાં કાળચક્ર ફરી વળ્યું હતું.

# ઓનલાઈન ગેમમાં લાખો રૂપિયા હારી જતાં તબિબનો આપઘાતનો પ્રયાસ

## બેડી આરોગ્ય કેન્દ્રના ડોક્ટરે આર્થિક સંકડામણ અને પરિવારની બિમારીથી કંટાળી ડિપ્રેશનમાં ટીકડાં ખાઈ લીધા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલનગરમાં રહેતા અને બેડી આરોગ્ય કેન્દ્રના ડોકટરને ઓનલાઈન કસીનોની આદત પડતા લાખો રૂપિયા હારી ગયા બાદ આર્થિક સંકડામણ અને પરિવારની બિમારીથી કંટાળી ડિપ્રેશનમાં બિમારીના વધુ પડતા ટીકડા ખાઈ લેતા તેમને સારવારમાં ખસેડાયા છે. જાણવા મળતી વિગત મુજબ મૂળ અમરેલીના અને હાલ રાજકોટમાં રેલનગરમાં આવેલી અમૃત રેસીડન્સીમાં રહેતા અને બેડી આરોગ્ય કેન્દ્રમાં સીએસઓ તરીકે ફરજ બજાવતા જીજ્ઞેશ કનૈયાલાલ તલાટી (ઉ.વ.૪૦)એ ગઈ કાલે બપોરે રેલનગરમાં છત્રપતિ શિવાજી



ટાઉનશીપ પાસે બિમારીના વધુ પડતા ટીકડા પી લેતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્રનગર પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે.પ્રાથમિક તપાસમાં બેડી આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડો. જીજ્ઞેશને ચારેક વર્ષથી ઓનલાઈન કસીનો રમવાની લત લાગી હતી. જેમાં તેઓ રૂા. ૭૦થી ૭૨ લાખ હારીગયા હોય જેથીતેમનું મકાન-દુકાન પણ વેચાઈ ગયા હોય અને બેંકમાંથી ઉઘરાણી માટે ફોન આવતા હોય જેથી આર્થિક સંકડામણ અનુભવતા હતા આ ઉપરાંત તમને પથરીની બિમારી થઈ હોય પુત્રને પથરીની બિમારી અને પત્નીને બિમારી હોવાથી પરિવારની ચીંતામાં ડિપ્રેશનમાં આવી આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે.

# સીસીટીવી કેમેરા ન રાખનાર વેપારીઓ અને મકાન ભાડે આપી પોલીસને જાણ નહિ કરનાર સામે કાર્યવાહી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં અલગ-આલગ પોલીસ સ્ટેશન દ્વારા તેમના વિસ્તારમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.જેમાં પરપ્રાંતીયને કામ પર રાખી પોલીસમાં જાણ ન કરનાર મકાનમાલિક, રેસ્ટોરન્ટ સંચાલક અને બાંધકામ સાઈટના કોન્ટ્રાકટર ઉપરાંત કપલ બોકસમાં સીસીટીવી ન રાખનાર સહિત ૨૬ સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાર્યવાહી કરી છે. માહિતી મુજબ એ ડિવિઝન પોલીસ મથકના સ્ટાર્કે ઉધોગનગર પાસપોર્ટ ઓફિસ પાછળ બર્ગર ભાવ બેકર્સમાં પરપ્રાંતીયને કામ પર રેસ્ટોરન્ટ સંચાલક સુશીલ દીપકભાઈ બગીયા, સોની બજારમાં દુકાન પરપ્રાંતીયને ભાડે આપનાર વેપારી કૃણાલ વૈષ્ણવ, બી ડિવિઝન પોલીસે સંત કબીર રોડ પર કૈલાશધાર સોસાયટીમાં મકાન ભાડે આપનાર દિનેશ પીઠડીયા, ભગવતીપરામાં મકાન ભાડે આપનાર નજીમ મુસ્તાક અબ્દુલભાઈ ભમરા, મનોજ રામજીભાઈ ચૌહાણ , હરેશ પુજારા સામે ગુનો નોંધ્યો હતો.

જયારે કુવાડવા રોડ પોલીસ અને એરપોર્ટ પોલીસે ત્રણ સામે તો એસ. ઓ.જી ની ટીમે બેડીપરા વિસ્તાર અને ખોડીયાર પરા વિસ્તારમાં બે અને થોરાળા તથા આજીડેમ પોલીસે પાંચ સામે ગુનો નોંધ્યો હતો.ઉપરાંત પ્ર.નગર પોલીસે કસ્તુરબા માર્ગ પર લોર્ડસ બેન્કવેટ રેસ્ટોરન્ટ સામે મિત કપલ બોકસમાં એન્ટ્રી અને રિસેપ્શનમાં તથા પાર્કિંગની જગ્યા કવર થાય તે મુજબ સીસીટીવી કેમેરા ન લગાવનાર સંચાલક કમલેશ મૂળિયા સામે ગુનો નોધ્યો છે.

# માધવવાટીકામાં તોતીંગ ટ્રક ફરી વળતા માસુમ બાળકનું મોત

## દાદી અને બહેન સાથે ફઈના ઘરે ગયેલા માસુમને કાળ ખેંચી ગયો

રાજકોટમાં માડાડુંગર નજીક માધવવાટીકામાં શેરી નં.૪માં ફઈના ઘર પાસે રમતા પોણે બે વર્ષના બાળકને મીનીટ્રકના ચાલકે હડફેટે લેતા તેનું મૃત્યુ નિપજયુ હતું.આ મામલે તેમના પિતા દ્વારા મીની ટ્રકના ચાલક વિરુદ્ધ આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે.મળતી વિગતો મુજબ, આજી ડેમ ચોકડી પાસે માનસરોવર મેઈન રોડ પર ભવાની કોમ્પલેક્ષમાં રહેતા અને મજૂરી કામ કરતાં ચેતનભાઈ બચુભાઈ વાળા (ઉ.વ.૩૫)એ આ મામલે મીનીટ્રકના ચાલક બાબુ સામે આજીડેમ પોલીસ દાખલ કર્યો હતો.ચેતનભાઈએ પોલીસને જણાવ્યું હતું કે, તેને સંતાનમાં પોણા બે વર્ષના પુત્ર ધીયાંશ અને ૬ વર્ષની પુત્રી ધારા છે. પત્ની કોમલબેન સિક્યુરીટી કંપનીમાં નોકરી કરે છે. સવારે તે મજુરી કામે અને પત્ની સિક્યુરીટીમાં નોકરીએ ગઈ હતી. તેના માતા કાંતાબેન તેના બંને સંતાનો ધીયાંશ અને ધારાને લઈ માડાડુંગર પાસે માધવવાટીકા શેરી નં.૪માં રહેતા બહેન રૂષીતાબેન મકવાણા કે જેના ઘરે આઠમાં નોરતાનું માતાજીની ગોયણી હોય જમણવાર હોવાથી ત્યાં ગયા હતા. ધીયાંશ તેના ફઈ રૂષીતાબેનના ઘર પાસે રમી રહ્યો હતો ત્યારે મીની ટ્રકના ચાલકે તેને હડફેટે લેતા ગંભીર ઈજા થતા સિવિલમાં ખસેડાયો હતો.જયાં તેનું મૃત્યુ નિપજયું હતું. હાલ આજીડેમ પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# કોઠારીયા રોડ પર ખુની હુમલો કરનાર પિતા-પુત્રના જામીન નામંજુર

કોઠારીયા રોડ ખુશી હોસ્પીટલની બાજુમાં આવેલ સંતોષ ઘૂઘરા નામની ખાણી પીણીની રેકડીએ ચટણી નાખવા જેવી બાબતે છરી વડે જીવલેણ હુમલો કરવાના ગુનામાં જેલ હવાલે રહેલા પિતા- પુત્રની જામીન અરજી કોર્ટે નામંજુર કરતો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ શહેરના ભગવતીપરામાં રહેતા અબ્દુલકાદારી કાસમભાઈ સીદાદએ અલ્પેશ ઠાકોર તેનો પુત્ર ઉદય અલ્પેશ ઠાકોર અને સગીર પુત્રએ છરી વડે હુમલો કર્યા અંગેની ભકિતનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૯(૧),૧૧૮(૨),૧૧૮(૧),૧૧૫(૨),૫૪ તેમજ જી. પી એક્ટ ૧૩૫ મુજબની કલમ હેથલ ગુનો નોંધાવ્યો હતી.તા.૦૧/૦૯/૨૦૨૪ ના રોજ સાંજના સાડાપાંચ મિત્ર યુસુફભાઈ જંગલેશ્વર ખાતે નવાઝભાઈની પાન નામની દુકાને હતા. ત્યારે નીદાલભાઈને ફોન આવેલ કે તેમનાં મીત્ર ને કોઠારીયા રોડ ઉપર આવેલ સંતોષ ઘૂઘરા નામની રેકડીએ માથાકુટ થયેલ છે. ત્યાં જઈ તપાસ કરતાં ઘૂઘરા વાળા ભાઈ મારફત જાણવા મળેલ કે અલ્પેશભાઈ ઠાકોર તેમજ તેના બે પુત્રો દ્વારા આ માથાકુટ કરવામાં આવેલ છે. અબ્દુલ કાદરી અલ્પેશભાઈ ઠાકોર સાથે વાતચીત કરતાં હતા તે અરસામાં તેમનાં બંને પુત્રો ખુબજ ઉશ્કેરાઈ ગયેલા હતા. છરી વડે યુસુફભાઈને મારી નાખવાના ઈરાદા હુમલો કરતાં તેમણે ઈજા થયેલ હતી. પોલીસે અલ્પેશભાઈ ઠાકોર, તેનો પુત્ર ઉદય અલ્પેશ ઠાકોર, સગીર પુત્રની. ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટ સમક્ષ આરોપી અલ્પેશ તેમજ ઉદયને રજૂ કરતાં જેલમાં ધકેલવામાં આવ્યા હતા. જેથી બંને આરોપીએ જામીન મેળવવા માટે સેસન્સ કોર્ટમા જામીન અરજી કરી હતી. જે અન્વયે સરકાર તરફથી થયેલી દલીલો, તપાસ કરનાર અધીકારી દ્વારા રજુ કરવામા આવેલ અભીપ્રાય તેમજ મુળ ફરીયાદી વતી આરોપીની જામીન અરજી રદ કરવા રજુ કરેલ વિગતવારના વાંધા-જવાબો ધ્યાને રાખી સેસન્સ કોર્ટ દ્વારા આરોપીની જામીન અરજી નામંજુર કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં મુળ ફરીયાદી વતી રાજકોટના એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહિસ્તાબેન એસ. ખોખર, તેમજ દયા કે. છાયાણી, નીમેશ જાદવા તેમજ સરકારી વકીલ અનીલભાઈ ગોગીયા રોકાયા હતા.

# દંપતિના ઝઘડાનું સુખદ સમાધાન કરાવતી અભયમની ટીમ

## નશાખોર પતિ અવારનવાર દારૂ પી માવતર પક્ષને અપશબ્દો બોલતા પરિણીતાએ મહિલા હેલ્પલાઈનને ફોન કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેર માંથી એક પીડિતા દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન માં ફોન કરીને જણાવેલ કે તેમના પતિ કેફી દ્રવ્ય નુ સેવન કરીને ઘરે આવી નશા માં મારા પિયર માં ફોન કરીને મને અપશબ્દો બોલે છે. તેમજ મારા પતિ દ્વારા મને ખુબજ માનસિક ત્રાસ આપવામાં આવે છે જેથી આ હેરાનગતિ માંથી મને મૂક્ત કરો. જેના પગલે ૧૮૧ ટીમ ના કાઉન્સેલર સુમિતા પરમાર , હોમ ગાર્ડ દિપિકાબેન અને પાયલોટ અજયભાઈ ઘટના સ્થળ પર દોડી ગયા હતા. પીડીતા ને આશ્વાશન આપી કાઉન્સિલિંગ દરમિયાન જાણવા મળ્યું કે તેમના લગ્ન ને ચાર વર્ષ થયાં છે તેમના પતિ અવારનવાર કેફી દ્રવ્ય નુ સેવન કરીને ઘરે આવી ને અપશબ્દો બોલે છે અને તેમનાં પિયર માં પણ ફોન કરીને તેમને અપશબ્દો બોલે છે. જેથી પીડિતા ના સાસરીપક્ષ અને પિયરપક્ષ દ્વારા ઘણીવાર તેમના પતિ ને વ્યસન ન કરવા બાબતે સમજાવેલ પરંતુ તેમના પતિ સમજતા ન હોવાથી ૧૮૧ ટીમ ની મદદ લીધી હતી. ૧૮૧ ટીમ દ્વારા બંને પક્ષો નુ અસરકારક કાઉન્સિલિંગ કરી પીડિતાના પતિ ને સમજાવેલ કે વ્યસન કરવું એ સ્વાસ્થ્ય માટે હાનીકારક છે અને આવી રીતે વ્યસન કરવું ન જોઈએ.

પીડિતા ના પતિ ને કડક શબ્દોમાં કાયદાનું ભાન કરાવેલ જેથી પીડિતા ના પતિ તેમની ભુલ સ્વીકારી અને હવે પછી તેમની પત્ની ને હેરાન નહીં કરે. તેમજ તેમની તમામ જવાબદારી પુરી કરશે અને અપશબ્દો નહીં બોલે તેવું જણાવેલ . તેથી પતિ અને પત્ની સાથે ના સમસ્યા નુ સુખદ નિરાકરણ કરી તેમનો ઘર સંસાર તુટતા બચાવ્યો હતો તેથી પીડિત મહિલા એ ૧૮૧ અભયમ ટીમનો આભાર માન્યો હતો.


# સુખસાગર સોસાયટીના બંધ મકાનમાંથી ૧.૩૭ લાખની ચોરી

## માધવવાટિકાના બંધ મકાનમાંથી તસ્કરો ૮૧,૦૦૦ નો હાથફેરો કરી ગયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

માંડાડુંગર વિસ્તારમાં માધવવાટિકાના બંધ રહેલા મકાનમાંથી તસ્કરો ૮૧,૫૦૦ નો હાથ ફેરો કરી ગયા હતા તો ભગવતીપરા પાસેની સુખસાગર સોસાયટીમાં સફાઈ કામદારના મકાનને નિશાન બનાવી તસ્કરો ૧.૩૩ લાબની માલમત્તાનો હાથફેરો કરી ગયા હતા.

જાણવા મળતી વિગતો મુજબ ભગવતીપરામાં સુખસાગર સોસાયટીમાં રહેતા સફાઈ કામદાર મહેન્દ્રભાઈ ચંદુભાઈ વાઘેલા (ઉ.વ.૪૦) પોતાનું મકાન બંધ કરી પિતાજીની તબિયત ખરાબ હોવાથી તેમના ખબર અંતર પૂછવા માટે ગયા હતા ત્યારે પાછળથી બંધ મકાનનો લાભ ઉઠાવી મેઈન કરવાજાનો લોક તોડી તસ્કરો



મકાનમાંથી રૂા.૧.૩૭ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરી ગયા હતા. જે અંગેની જાણ થતા બી-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. બીજી ઘટનામાં માંડાડુંગર પાસેની માધવ વાટીકા સોસાયટી શેરી નં.૪માં રહેતાં અને આરતી ઈન્ડસ્ટ્રીઝમાં ખોડલ મેટલ નામનું કારખાનું રાખી છરી- ચપ્પાનું જોબવર્ક કરતા દિનેશભાઈ ઉકાભાઈ વેકરિયા (ઉં.વ.૪૫)એ આજીડેમ પોલીસ મથકમાં તેમના ઘરમાંથી ૮૧, ૫૦૦ ની ચોરી થયા અંગેની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં દિનેશભાઈએ જણાવ્યું છે કે ગઈ તા.૮નાં રોજ પત્ની અને પુત્ર સાથે લોધિકા ખાતેના ગિરનારી આશ્રમ ગયા હતા. સવારે પાડોશી વર્ષાબેને કોલ કરી જણાવ્યું કે તમારા મકાનનો દરવાજો ખુલ્લો છે. જેથી પરે આવી જહેતાં મેઈન દરવાજાનું તાળું તુટેલ હતું. અંદર બધો સામાન વેરવિખેર પડયો હતો. કબટના દરવાજા ખુધા હતા. તિજોરી તૂટેલી હાલતમાં જોવા મળી હતી. તપાસ કરતાં અંદરથી સોનાની બુટી, એક પડિયાળ અને રોકડા રૂ. ૬૫ હજાર ગાયમ હતા. આજી ડેમ પોલીસે ફરિયાદ નોંધી સીસીટીવી કેમેરાના આધારે તપાસ શરૂ કરી છે.

# સામાકાંઠે ગાંધી સ્મૃતિ સોસાયટીમાં કારખાનેદારનો આપઘાત



રાજકોટમાં સામાકાંઠે ગાંધી સ્મૃતિ સોસાયટીમાં રહેતા અને આજીડેમથી કોઠારીયા સોલવન્ટની વચ્ચે સીએનજી મશીનનું કારખાનુ ધરાવતા ૩૧ વર્ષના પટેલ યુવાને રાત્રીના સમયે પોતાના ઘરે ગળેફાંસ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આપઘાતનું કારણ જાણવા બી ડીવીઝન પોલીસે મૃતકના પરિવારનું નિવેદન લઈ શોધખોળ શરૂ કરી છે. બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીસ્મૃતિ સોસાયટી શેરી નં.૪માં રહેતા લલીતભાઈ કાનજીભાઈ કાકડીયા (પટેલ) ઉ.વ.૩૧) નામના યુવાને ગઈકાલે રાત્રીના આઠેક વાગ્યે પોતાના ઘરે રૂમમાં પંખામાં સાલ બાંધીગળેફાસો ખાઈ લીધો હતો. જયારે પરિવારને જાણ થતા દેકારો મચી ગયો હતો. યુવકના પરિવારે પોલીસને જાણ કરતા એએસઆઈ કે.સી. સોઢા અને સ્ટાફ ત્યાં પહોંચી ગયો હતો અને મૃતદેહને સિવિલ હોસ્પીટલે પોસ્ટમોર્ટમ માટે પહોંચાડયો હતો. લલીતભાઈ આજીડેમથી કોઠારીયા ચોકડી તરફ જવાના રસ્તે સીએનજી મશીનનું કારખાનું ધરાવે છે. તેમજ પોતે બે ભાઈમાં નાના હતા. તેમને સંતાનમાં ત્રણ વર્ષની દીકરી છે. તેઓ મૂળ જસદણના લીલાપુરના વતની છે. લલીતભાઈએ શા કારણે આપઘાત કર્યો તે અંગે બી ડીવીઝન પોલીસ તપાસ કરી રહી છે. કારખાનેદાર લલીતભાઈ કાકડિયાએ કયા કારણોસર આપઘાત કરી લીધો એ અંગે પોલીસ દ્વારા પરિવારજનોની પુછપરછ કરવામાં આવી રહી છે. જેમાંથી તેમના આપઘાતથી ત્રણ વર્ષની દિકરીએ પિતાની છત્રછાંયા ગુમાવી હતી. આપઘાતનું કારણ આર્થિકભીંસ? કે કોઈ અન્ય કારણ છે તે અંગે હવે પોલીસ દ્વારા મૃતકના મોબાઈલના આધારે તપાસ કરવામાં આવશે તેવું પોલીસ સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# રાજકોટમાં યોજાયેલ ડીજીપી કપ હોકી સ્પર્ધામાં વિજેતા ટીમને ટ્રોફી એનાયત





**ફાઈનલમાં પુરૂષ વિભાગમાં રાજકોટ સીટી ટીમ અને મહિલાઓમાં રાજકોટ રેન્જની ટીમે જીત હાંસલ કરી**

રાજકોટ શહેર પોલીસ દ્વારા ડીજીપી કપ હોકી સ્પર્ધાનું મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ ખાતે આયોજન કરાયું હતું આ ટુર્નામિન્ટમાં પુરુષોની ૯ અને મહિલાઓની ૪ સહીત કુલ ૧૩ ટીમોએ ભાગ લીધો હતો આજે ફાઈનલમાં પુરુષમાં રાજકોટ સીટીની ટીમ અને મહિલાઓમાં રાજકોટ રેંજની ટીમએ જીત હાંસલ કરી છે. રાજકોટમાં યોજાયેલ ડીજીપી કપ હોકી સ્પર્ધાનો આજે ફાઈનલ મેચ યોજાયો હતો પુરુષની ટીમમાં રાજકોટ શહેર પોલીસ અને વડોદરા શહેર ટીમ વચ્ચે ખેલાયો હતો જેમાં રાજકોટ સીટી પોલીસની ટીમ ૪-૧થી વિજેતા બની હતી વડોદરા સીટી ટીમ રનર્સ અપ અને હથિયારી એકમ તૃતીય સ્થાન પર રહી હતી પ્લેયર ઓફ ધ ટુર્નામિન્ટનો ખિતાબ રાજકોટ શહેરના ભગીરથસિહ ખેરને પ્રાપ્ત થયો હતો જયારે મહિલાઓની ટીમમાં રાજકોટ રેંજની ટીમનો ભાવનગર રેંજ સામે વિજય થયો હતો મહિલાઓમાં પ્લેયર ઓફ ધ ટુર્નામિન્ટનો ખિતાબ રાજકોટ રેંજના બિંદીશાબેન ગોંડલીયાને મળ્યો હતો આ તકે પોલીસ કમિશ્નર બ્રજેસ ઝા, મનપા કમિશ્નર ડી પી દેસાઈ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા અને પોલીસ કર્મચારીઓને શુભકામના પાઠવી હતી.

# વડોદરા અને સુરતમાં સગીરાના ગેંગરેપ ઘટના બાદ રાજકોટમાં અવાવરૂ સ્થળે પેટ્રોલીગ હાથ ધરાયું

## એકાંતમાં યુગલ દેખાય તો સીધા ઘર ભેગા કરી દેવાશે; પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વડોદરા અને સુરતના માંગરોળમાં બ્લાઈન્ડ સ્પોટ (અવાવરું જગ્યા) પર સગીરા પર થયેલી ગેંગરેપની ઘટનાના રાજ્યભરમાં પડઘા પડયા છે. એક તરફ નવરાત્રિ ચાલી રહી છે અને બે સગીરા ગેંગરેપનો ભોગ બની છે. ત્યારે રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશ ઝા દ્વારા તમામ પોલીસ મથક તેમજ મહત્વની બ્રાન્ચના સ્ટાફને રાજકોટ શહેરની હદમાં આવતી અવાવરું જગ્યાઓ પર રાત્રે પેટ્રોલિંગ કરવા અને ચેકીંગ કરવા આદેશ આપ્યા છે.નવરાત્રિ દરમિયાન રાત્રિના સમયે યુવક-યુવતીઓ ગરબા રમવા માટે જતા હોય છે.

ત્યારે તેઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી રાજકોટ શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તમામ પોલીસ સ્ટેશનના પીઆઈને બ્લાઈન્ડ સ્પોટ નક્કી કરી એ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી તેમજ કેટલાક પોઈન્ટ પર પોલીસની ડઈછ વાન સ્ટેન્ડબાય રાખવા સૂચના આપવામાં આવી છે. આ જ રીતે જેટલા વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ ન હોય તે જગ્યાની સ્ટ્રીટ લાઈટ શરૂ કરવા માટે મનપાને જાણ કરવામાં આવી છે. રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ઝોન ૨ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે,નવરાત્રિના તહેવારને ધ્યાનમાં રાખી કેટલાક બ્લાઈન્ડ સ્પોટ આઈડેન્ટિફાય કરવા માટે પોલીસ ઈન્સ્પેક્ટરને સૂચના આપવામાં આવી હતી.ઝોન ૨ વિસ્તારમાં મોટાભાગે ગરબાના આયોજન તાલુકા અને યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં થાય છે. આ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવા તેમજ જરૂરી જગ્યા પર પોલીસની ડઈછ વાન સ્ટેન્ડ બાય રાખવા સૂચના આપવામાં આવી છે અને જો સ્ટ્રીટ લાઈટની જરૂર



જણાય તો રાજકોટ મહાનગરપાલિકાને જાણ કરવા સૂચન કરાયું છે. ઉલ્લેખનીય છે કે, નવા રાજકોટમાં મુખ્યત્વે એઈમ્સ હોસ્પિટલ નજીક રોડ તેમજ નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ, રૈયા સ્માર્ટ સિટી, અવધ રોડ અને ન્યારી ડેમ તરફ જતા રસ્તા પર, રોણકી વિસ્તાર, ભગવતી પરાથી બેડીપરા તરફ જતા રસ્તે વાડી વિસ્તાર, સોખડા તરફ જતા રસ્તે તથા કાલાવડ હાઈવે પર તેમજ અન્ય અવાવરું સ્થળો પર પેટ્રોલિંગ વધારવા તેમજ ચેકિંગ માટે સૂચના આપવામાં આવી છે.કારણ કે, અહીં કેટલીક જગ્યાએ સ્ટ્રીટ લાઈટ નથી તો કેટલીક જગ્યાએ હોટેલ, રેસ્ટોરન્ટ અને કાફે વધુ પ્રમાણમાં હોવાથી પોલીસ પેટ્રોલિંગ થવું જરૂરી છે.આ તકે પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યું હતું કે, અવાવરું જગ્યા પર કોઈ સગીરા તેમના મિત્ર સાથે કે યુગલ દેખાય તો તેઓના નામ સરનામાં લખી ઘર ભેગા કરી દેવામાં આવશે.